પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૨૯, કુલ પાના:૪, તારીખ: ૨૫-૦૯-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 29 PRICE :-RS. 1.50 DATE : 25-09-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)


## રાજય સરકારે નવરાત્રિમાં શેરી ગરબાને મંજૂરી આપી, પાર્ટી પ્લોટ અને કલબના ગરબા નહીં થઇ શકે

ગાંધીનગર,

રાજય સરકારે નવરાત્રિમાં શેરી ગરબાને મંજૂરી આપી છે. શેરી ગરબાને મર્યાદિત સંખ્યા સાથે અનુમતિ અપાઈ છે. શેરી ગરબામાં ૪૦૦ લોકોને છૂટ આપવામાં આવી છે. પાર્ટી પ્લોટ, કલબ કે કોર્મશિયલ રીતે નવરાત્રિની ઉજવણી નહી થઈ શકે. દુર્ગા પુજા, વિજયા દશમી, શરદ પૂર્ણિમાના આયોજનને મંજૂરી મળી છે.



રાજયમાં આગામી નવરાત્રિ તહેવારો તેમજ લગ્ન પ્રસંગોની સાંસ્કૃતિક ધરોહર મુજબ ઉજવણી થાય તે હેતુથી અને આવા પ્રસંગો સાથે સંકળાયેલા નાના વ્યવસાયકારોના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને જનહિતમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી સાથે યોજેલી મહત્વપૂર્ણ બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીએ લીધેલા આ નિર્ણયો અનુસાર રાજ્યના જે ૮ મહાનગરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જુનાગઢ, જામનગર અને ગાંધીનગરમાં હાલ રાત્રિ કરફ્યુ અમલમાં છે ત્યાં તારાખ ૨૫/૯/૨૦૨૧ના રાત્રિના ૧૨ કલાકથી તારીખ ૧૦/૧૦/૨૦૨૧ સવારે ૬ વાગ્યા સુધી દરરોજ રાત્રિ કરફ્યુ અમલમાં રહેશે.

રાત્રિ કરફ્યુની સમય મર્યાદા અત્યારે રાત્રિના ૧૧ થી સવારે ૬ વાગ્યા સુધીની છે તેમાં એક કલાકનો ઘટાડો કરીને હવે રાત્રિના ૧૨ થી ૬ વાગ્યા સુધી રાત્રિ કરફ્યું રહેશે. આગામી દિવસોમાં રાજ્યમાં નવરાત્રિ પર્વની ઉજવણી થવાની છે તે સંદર્ભમાં મુખ્યમંત્રી અને ગૃહ રાજ્ય મંત્રીએ માત્ર શેરી ગરબા, સોસાયટી અને ફલેટના ગરબા, દુર્ગાપૂજા, વિજયાદશમી ઉત્સવ, શરદપૂર્ણિમા ઉત્સવ જેવા આયોજનો ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાં યોજવાની છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.

લગ્ન પ્રસંગોમાં અગાઉ ૧૫૦ વ્યકિતઓની જે મર્યાદા હતી તેમાં વધારો કરીને હવે ૪૦૦ વ્યકિતઓની છુટછાટ આપવામાં આવી છે. આવી ઉજવણીઓમાં ભાગ લેનારા દરેક વ્યકિતએ કોરોના વેકસીનના બે ડોઝ લીધા હોય તે હિતાવહ રહેશે. આવા આયોજનોમાં લાઉડ સ્પીકર/ ધ્વની નિયંત્રણ અંગેના સુપ્રિમ કોર્ટના આદેશોનું પાલન કરવાનું રહેશે. રાજ્યમાં પાર્ટી પ્લોટ, કલબ, ખૂલ્લી જગ્યાએ કે કોઈ પણ જગ્યાએ કોમર્શીયલ રીતે નવરાત્રિની ઉજવણીની પરવાનગી આપવામાં આવશે નહિ.

અંતિમક્રિયા-દફનવિધિમાં અગાઉની ૪૦ વ્યકિતઓની મર્યાદામાં વધારો કરીને હવે ૧૦૦ વ્યકિતઓની મર્યાદા રહેશે. રાજ્યમાં રેસ્ટોરન્ટ રાત્રિના ૧૦ કલાક સુધી અગાઉ ક્ષમતાના ૬૦% સાથે ચાલુ રાખવાની મંજૂરી હતી તેમાં વધારો કરીને હવે ક્ષમતાના ૭૫% સાથે ચાલુ રાખી શકાશે. રાજ્યમાં જાહેર બાગ બગીચા અગાઉ રાત્રિના ૯ વાગ્યા સુધી ખુલ્લા રહેતા હતાં તે પણ હવે રાત્રિના ૧૦ વાગ્યા સુધી ખૂલ્લા રાખી શકાશે.

## દેશમાં કોરોનાનાં કેસમાં ઉતાર-ચઢાવ યથાવત

નવી દિલ્હી,

કેરળમાં કોરોનાનાં કેસ છેલ્લા ૨૪ કલાકમાં ૧૯,૬૮૨ સામે આવ્યા છે. દેશમાં કોરોનાથી ૩૧૮ લોકોનાં મોત આ છેલ્લા ૨૪ કલાકમાં થયા જેમાથી કેરળમાં જ ૧૫૨ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દેશમાં કોરોના રિકવરી રેટ હાલમાં ૯૭.૭૮ ટકા છે. માર્ચ ૨૦૨૦ પછી આ સૌથી ઉચું સ્તર છે. છેલ્લા ૨૪ કલાકમાં ૩૨,૫૪૨ દર્દીઓ ઠીક થયા છે. કોરોનાની પકડમાં આવ્યા બાદ અત્યાર સુધીમાં કુલ ૩,૨૮,૪૮,૨૭૩ લોકો ઠીક થયા છે. સાપ્તાહિક સંક્રમણ દર ૨.૦૭ ટકા છે, જે છેલ્લા ૯૧ દિવસથી ત્રણ ટકાથી નીચે રહ્યો છે. દૈનિક પોઝિટિવિટી રેટની વાત કરીએ તો તે ૨ ટકા છે. છેલ્લા ૨૫ દિવસથી તે ત્રણ ટકાથી નીચે છે. રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં કુલ રસીકરણ ૮૪,૧૫,૧૮,૦૨૬ ડોઝ છે. આમાં છેલ્લા ૨૪ કલાકમાં આપવામાં આવેલી રસીનાં ૭૨,૨૦,૬૪૨ ડોઝનો પણ સમાવેશ થાય છે.દેશમાં કોરોનાવાયરસનાં નવા કેસોમાં ઉતાર-ચઢાવ યથાવત છે. દરમિયાન, એક્ટિવ કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે. તે ૧૮૮ દિવસની નીચી સપાટીએ પહોંચી ગયા છે. દેશમાં કોરોનાનાં મોટાભાગનાં કેસ કેરળથી સામે આવી રહ્યા છે. અહી સ્થિતિ ખરાબ બની રહી છે. આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૧,૩૮૨ નવા કેસ નોંધાયા છે. વળી, આ સમયગાળા દરમિયાન એટલે કે છેલ્લા ૨૪ કલાકમાં ૩૧૮ કોરોના સંક્રમિતો મૃત્યુ પામ્યા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૪,૪૬,૩૬૮ લોકોએ જીવલેણ વાયરસને કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. એક્ટિવ કેસોની વાત કરીએ તો, તે કુલ કેસોના એક ટકાથી ઓછા એટલે કે ૦.૮૯ ટકા છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી ઓછો છે. જો સંખ્યાઓનાં આધારે જોવામાં આવે તો હાલમાં દેશમાં ૩,૦૦,૧૬૨ દર્દીઓ કોરોનાની સારવાર હેઠળ છે. આજે સક્રિય કેસોની સંખ્યા છેલ્લા ૧૮૮ દિવસોમાં સૌથી ઓછી હતી.

## ભારતીય સેના માટે ૧૧૮ અર્જુન ટેક ખરીદવાનો ઓર્ડર

નવી દિલ્હી,



આ ટેક ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે. હેવી વ્હીકલ ફેક્ટરીને મળેલા આ ઓર્ડરથી એમએસએમઇ સહિત ૨૦૦થી વધુ ભારતીય કંપનીઓ માટે સંરક્ષણ નિર્માણમાં એક મોટી તક ઉપલબૃધ બનશે અને ૮૦૦૦ લોકોને રોજગારીની તકો ઉપલબૃધ બનશે.સંરક્ષણ મંત્રાલયે ઈન્ડિયન આર્મી માટે૧૧૮ મેઈન બેટલ ટેક(એમબીટી) અર્જુન ખરીદવા માટે રૂ. ૭૫૨૩ કરોડ રૂપિયાની સમજૂતી કરી છે. સંરક્ષણ મંત્રાલયે અર્જુન એમકે-૧એ ટેક ખરીદવાનો ઓર્ડર હેવી વેહિકલ્સ ફેકટરી(એચવીએફ), અવાડી, ચેન્નાઈને આપ્યો છે. ઉલ્લેખનીય છે કે એમબીટી એમકે-૧એ અર્જુન ટેકનું નવું મોડેલ છે. જેમાં ૭૨ નવી વિશેષતાઓ અને એમકે-૧ મોડેલ કરતા વધારે સ્વદેશી ઉપકરણો છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સંરક્ષણ મંત્રાલયે ઈન્ડિયન આર્મી માટે૧૧૮ મેઈન બેટલ ટેક(એમબીટી) અર્જુન ખરીદવા માટે હેવી વેહિકલ્સ ફેકટરી (એચવીએફ), અવાડી, ચેન્નાઈને ઓર્ડર આપ્યો છે. આ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ૭૫૨૩ કરોડ રૂપિયાના આ ઓર્ડરથી સંરક્ષણ ક્ષેત્રમાં મેક ઈન ઈન્ડિયા પહેલને વેગ મળશે અને આ આત્મનિર્ભર ભારતની દિશામાં એક મોટું પગલું ગણાશે. મંત્રાલયે જણાવ્યું છે કે આ ટેક દિવસ અને રાતના સમયે લક્ષ્યાંકને વિંધ્વાની સાથે તમામ પ્રકારના વિસ્તારોમાં સહજ ગતિશિલતા સુનિશ્ચિત કરશે.

## દિલ્હીની રોહિણી કોર્ટમાં ફાયરિંગ : ત્રણના મોત

ન્યુ દિલ્હી,

દિલ્હીની રોહિણી કોર્ટના પરિસરમાં શુકવારે બપોરે ફાયરિંગ થવા પામ્યું હતું. ફાયરિંગમાં ગેંગસ્ટર જિતેન્દ્ર ગોગી સહિત ત્રણ લોકોના મોત થયા છે. ત્યારબાદ કોર્ટ પરિસરમાં પણ ફાયરિંગ થવા પામ્યું હતું જેમાં હુમલાખોરોને મારી નાંખવામાં આવ્યા છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ, હુમલાખોરો વકીલના ડ્રેસમાં પરિસરમાં આવ્યા હતા. બે હુમલાખોરોએ ગેન્ગસ્ટર જિતેન્દ્ર ગોગી પર હુમલો કર્યો હતો. સ્પેશિયલ સેલની ટીમ જયારે જિતેન્દ્ર ગોગીને કોર્ટ રૂમમાં લઈ જતી હતી તે દરમિયાન આ ઘટના બનવા પામી હતી. માનવામાં આવી રહ્યું છે કે, દિલ્હીની ટીલ્લુ ગેંગે જિતેન્દ્રની હત્યા કરી છે. જેમાં બે હુમલાખોરો પણ મોતને



નીપજ્યા છે.જેમાંથી એક રાહુલ છે કે જેના પર ૫૦ હજાર રૂપિયાનું ઈનામ લાગેલું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર દિલ્હીની રોહિણી કોર્ટ પરિસરમાં શુક્રવારે ગેંગવોર થઈ. બદમાશોએ ગોલી મારીને ગેંગસ્ટર જીતેન્દ્ર ગોગીની હત્યા કરી છે. આ ગેંગવોરમાં ગોગી સહિત કુલ ત્રણ લોકો માર્યા ગયા છે. ફાયરિંગમાં ૩થી ૪ લોકો ઘાયલ પણ થયા છે. રિપોર્ટ મુજબ ગોગીને સુનાવણી અંતર્ગત કોર્ટમાં લાવવામાં આવ્યો હતો જ્યાં વકીલના ડ્રેસમાં આવેલા બે બદમાશોએ તેના પર ફાયરિંગ કર્યું. દિલ્હી પોલીસ કમિશનર રાકેશ અસ્થાનાએ જણાવ્યું કે જ્યારે ગેંગસ્ટર ગોગીને કોર્ટમાં સુનાવણી અંતર્ગત લાવવામાં આવ્યો તો બે ગુનેગારે તેના પર ગોળીઓ ચલાવી. પોલીસની જવાબી કાર્યવાહીમાં બંને હુમલાખોર માર્યા ગયા. તેમાંથી એક હુમલાખોર પર ૫૦,૦૦૦નું ઈનામ હતું. વકીલ લલિત કુમારે જણાવ્યું કે હુમલાખોર વકીલના ડ્રેસમાં આવ્યા હતા. તેઓએ ગોગીને ૩ ગોળીઓ મારી. ગોગીની સુરક્ષામાં જે દિલ્હી પોલીસના લોકો હતા તેઓએ ૨૫-૩૦ ગોળીઓ ચલાવી, જેમાં શૂટર્સ ઘટના સ્થળે જ માર્યા ગયા. ગોગીની હોસ્પિટલમાં મોત થઈ ગઈ. લલિત કુમારે એમ પણ જણાવ્યું કે ઘટના ગોગીની સુનાવણી દરમિયાન થઈ. જજ, સ્ટાફ અને વકીલ પણ હાજર હતા. સાંભળવામાં આવ્યું છે કે અમારા એક ઈન્ટર્નને પણ પગમાં ગોળી વાગી છે. ઘટના આજે લગભગ ૧-૧૫ વાગ્યાની છે. સવારે યોગ્ય રીતે ચેકિંગ થતું નથી, ઘણી જ બેદરકારી દાખવવામાં આવે છે.






## હવે લોકો પોતાના પોલીસ સ્ટેશનની માહિતી આંગળીના ટેરવે મેળવી શકશે

ગાંધીનગર,

લોકોને અત્યાર સુધી નાની બાબતોને લઈને પોલીસ સ્ટેશન સુધી ધક્કો ખાવો પડતો હતો. હવે લોકો પોતાના પોલીસ સ્ટેશનની માહિતી આંગળીના ટેરવે મેળવી શકશે. જેમાં મુખ્યત્વે અરજી કરવી, ઘરઘાટીની માહિતી આપવી, ભાડુઆતની માહિતી આપવી, પાસપોર્ટને લાગીતી માહિતી આપવી વગેરે સહિતની વિગતો લોકો સિટીઝન પોર્ટલ પરથી નોંધાવી શકશે. પોલીસ સ્ટેશન વિસ્તારમાં



ગુનાખોરી અટકાવી અને ગુના શોધી કાઢવા માટે ફિલ્ડમાં કામ કરતા પોલીસ કર્મચારીઓ માટે પણ એક અલાયદી સગવડ ઉભી કરવામાં આવી છે. જેમાં પોલીસ કર્મીઓના મોબાઈલમાં પોકેટકોપ નામની એક એપ્લિકેશન ડાઉનલોડ કરવામાં આવે છે. જેમાં પોલીસ સ્ટેશન વિસ્તારના ગુનેગારોની સંપૂર્ણ માહિતી મૂકવામાં આવે છે. જેનાથી પોલીસ કર્મી પોલીસ સ્ટેશન વિસ્તારના ગુનેગાર પર નજર રાખી શકે છે.ગુજરાતના ૬૦૦ જેટલા પોલીસ સ્ટેશનોને સ્માર્ટ બનાવવામાં આવ્યા છે. ઈ-ગુજકોપ નામની એક એપ્લિકેશનથી પોલીસ અને લોકોનું કામ ઘણું આસાન બની ગયું છે. પોલીસ સ્ટેશનની કામગીરીમાં વધુ ઝડપ આવી છે અને લોકો સીધી એપ્લિકેશનમાં ફરિયાદ નોંધી શકે છે. રાજ્યના જે પોલીસ સ્ટેશનમાં પ્રાયોગિક ધોરણે આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે ત્યાં ઉત્તમ પરિણામ મળ્યાં છે. ભારતની આઝાદી પછી પોલીસ માટે પોલીસ સ્ટેશનમાં અલગ અલગ રજીસ્ટર મેઈનટેઈન કરવા પડતા હતા, જેમાં ચાર ભાગ—પીએસઓ, એકાઉન્ટ, બારનીશી અને એમઓબી એમ ચાર ભાગમાં ૩૭ રજિસ્ટર રાખવામાં આવતા હોય છે. આ ચાર મુખ્ય રજિસ્ટરથી આખા પોલીસ સ્ટેશનનું સંચાલન થતું હોય છે. હવેથી આ સિસ્ટમ કમ્પ્યુટરાઈઝ્ડ કરાઈ છે. પોલીસ સ્ટેશનમાં કોઈ પણ ફરિયાદ કોઈ પણ આરોપી કે કોઈ પણ કેસની માહિતી ભલે તે વર્ષો જૂની હોય તો પણ ગણતરીની સેકન્ડમાં મળવા લાગી છે. પોલીસ સ્ટેશન અને તેના વિસ્તારની માહિતી મેળવા માટે અત્યાર સુધી ઉચ્ચ પોલીસ અધિકારી અને પોલીસ કર્મચારીઓને પત્ર લખીને લેખિતમાં માહિતી માંગવામાં આવતી હતી. જેને દિવસોના દિવસ લાગી જતા હતા. હવે માહિતી માંગવાની આવતાની સાથે જ ગણતરીના સેકન્ડ્સમાં મળી મળવા લાગી છે. એપ્લિકેશનની મદદથી માનવ કલાકો ઓછા થવા લાગ્યા છે અને કામમાં સરળતા આવી છે.

## OBC જાતિઓની ગણતરી નહીં કરવામાં આવે કેન્દ્રનું સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું

નવી દિલ્હી,

૨૦૨૨ માં યોજાનારી વસ્તી ગણતરીમાં જાતિઓની ગણતરી કરવાનો ઈનકાર કરતી વખતે, કેન્દ્રએ પણ કહ્યુંછે કે તે નીતિ વિષય છે. તેથી, સુપ્રીમ કોર્ટે આ અંગે કોઈ આદેશ આપવો જોઈએ નહીં.કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યુંછે કે તેને વસ્તી ગણતરીમાં OBC જાતિઓની ગણતરી નહીં કરે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં કેન્દ્રએ કહ્યુંછે કે આવી વસ્તી ગણતરી વ્યવહારુ નથી. આ નીતિ દેશમાં ૧૯૫૧ થી અમલમાં છે. આ વખતે પણ સરકારે તેને ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. પહેલેથી જ અસ્તિત્વમાં રહેલી નીતિ હેઠળ, આ વખતે પણ માત્ર અનુસૂચિત જાતિ, જનજાતિ, ધાર્મિક અને ભાષાકીય જૂથોની ગણતરી કરવામાં આવશે. કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર સરકારની અરજીના જવાબમાં આ સોગંદનામું દાખલ કર્યું છે. કોર્ટે વસ્તીના જાતિના ડેટા એકત્ર કરવા અને જાહેર કરવાની માંગ પર કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો હતો. હવે કેન્દ્રીય સામાજિક ન્યાય મંત્રાલયે એક લેખિત જવાબ દાખલ કરીને કહ્યુંછે કે પછાત જાતિઓની ગણતરી કરવી વ્યવહારુ રહેશે નહીં. કેન્દ્રએ નિર્દેશ કર્યો છે કે સામાજિક આર્થિક અને જાતિ વસ્તી ગણતરી (SECC) જે ૨૦૧૧ માં કરવામાં આવી હતી તેને OBC ગણતરી ન કહી શકાય. મંત્રાલયે જણાવ્યું છે કે ૨૦૧૧ ના SECC નો હેતુ પરિવારોની પછાતતાનું મૂલ્યાંકન કરવાનો હતો. તેના આધારે જ્યારે જાતિની વસ્તીનો અંદાજ લગાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે લોકોએ લાખો જાતિઓની નોંધણી કરાવી છે. જ્યારે, કેન્દ્ર અને રાજ્યોની ઓબીસી યાદીમાં માત્ર અમુક હજાર જાતિઓ છે. લોકોએ તેમના ગોત્ર, પેટા-જાતિ વગેરેની નોંધણી કરાવી. આમ જાતિઓની સંખ્યાનો અંદાજ લગાવી શકાયો નથી. એફિડેવિટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જાતિઓની જોડણીમાં એટલો ફરક છે કે ઓબીસી કોણ છે અને કોણ નથી તે નક્કી કરવું મુશ્કેલ છે. મહારાષ્ટ્રમાંથી જ ઉદાહરણ આપતા સરકારે કહ્યુંછે કે પોવાર ઓબીસી છે, પણ પવાર નથી. એક જ ગામ કે વિસ્તારમાં લોકોએ પોતાની જાતિની જોડણી અલગ રીતે નોંધાવી છે. ઘણી જગ્યાએ સર્વે કરનારાઓએ જુદી જુદી જોડણીઓ લખી છે. આવી સ્થિતિમાં આ સર્વેના આધારે જાતિના ડેટા કાઢવાની કવાયત નકામી સાબિત થઈ.

## ઝાલોદના મે.સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ઝાલોદ

**અરજદાર : સંગાડા દિલીપભાઈ રામસિંગભાઈ**
**રહે :- ગોલાણા, તા.ઝાલોદ, જી.દાહોદ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ગોલાણા, તા.ઝાલોદ, જી.દાહોદ**

**-:: હુકમ ::-**

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત સબંધ ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત વિષયના અરજદાર સંગાડા દિલીપભાઈ રામસિંગભાઈ રહે.ગોલાણા, તા.ઝાલોદ નાઓએ તેઓના પુત્ર નામે સંગાડા પ્રતિકભાઈ દિલીપભાઈ નો જન્મ તા.૧૨/૦૪/૨૦૦૪ ના રોજ મુ.ગોલાણા, તા.ઝાલોદ, જી.દાહોદ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેઓના પુત્રના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધણી કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદર હું અરજદારની અરજી સામે જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ)માં અત્રેની કોર્ટમાં રજુ કરવો. જો નિયત મુદ્દત દરમ્યાન કોઈ વાંધો તકરાર રજુ નહી કરવામાં આવે તો આ કોર્ટ સદર અરજી નિયમોનુસાર આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો.

આજે તા.૧૭ મી સપ્ટેમ્બર સને ૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એસ. ડી. ચૌધરી)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ઝાલોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લાનું ગૌરવ

# ધ એસોસીએશન ફોર ટ્રેડીશનલ યુથ ગેમ્સ એન્ડ સ્પોર્ટસ દ્વારા આયોજિત ઓપન નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૧ કુસ્તી ૮૬ કિલોગ્રામ વર્ગમાં ગોલ્ડમેડલ મેળવતો હર્ષ પટેલ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

અડગ મનના માનવીને હિમાલય પણ હરાવી શકતો નથી. અને જો તમારા હૈયામાં હામ હોય તો કોઈ કામ મુશ્કેલ નથી. આવી જ કંઈક વાત છે મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના નરોડા ગામના કુસ્તીવીર હર્ષ પટેલની.

દેશમાં અને રાજયમાં બાળકો અને યુવાનોમાં કેટલીય શકિતઓ પડી છે. આ શકિતઓને ઓળખીને તેઓને દિશા મળી રહે તે માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને તેઓમાં રહેલી શકિતઓને ઓળખીને બાળક અને યુવાનમાં રહેલી શકિતઓને ખીલવીને બહાર લાવવાની સાથે તેઓને તાલીમબધ્ધ પણ કરવામાં આવી રહ્યાં છે.

રાજય અને દેશના કેટલાંય એવાં બાળકો છે તેઓમાં રહેલી ખેલકુદ પ્રત્યેની રૂચિને બહાર લાવવા માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા રમતગમત ક્ષેત્રે ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા ખેલ મહાકુંભ, ખેલો ઈન્ડિયા અને ફીટ ઈન્ડિયા જેવા અનેક કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. જેના માધ્યમથી દેશના અને રાજયના બાળકોમાં રહેલી શકિતઓ બહાર આવે છે. આવા કાર્યક્રમોના ખૂબ જ સારા પરિણામો પણ મળી રહ્યા છે જેના કારણે આજે અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા ખેલાડીઓ પોતાનું કૌવત ઝળકાવી રહ્યા છે. જેના ફળસ્વરૂપે આજે મહીસાગર જિલ્લાના હર્ષ પટેલએ રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવીને મહીસાગર જિલ્લા સહિત ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે.

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના નરોડા ગામે રહેતા અને લુણાવાડાની પી.એન.પંડયા કોલેજમાં અભ્યાસ કરતા હર્ષ વિનોદભાઈ પટેલની વાત પણ કંઈક અનેરી છે. તેના પિતા વિનોદભાઈ મોતીભાઈ પટેલ ખેતીકામ કરે છે. તેઓ કહે છે કે, તેમનો પુત્ર હર્ષને નાનપણથી જ કુસ્તીની રમતમાં રસ હતો જેથી તે ટેલિવીઝન પર મોટા ભાગે કુસ્તીની રમતો જોયા કરતો હતો. તેમાંય ઓલમ્પિક રમતના ભારતના ખેલાડી સુશીલકુમાર, યોગેશ્વરદત્ત જેવા ખેલાડીઓની રમત તે જોતો અને તેમાંથી કંઈક શીખવાની પ્રેરણા મેળવતો હતો.

હર્ષને આ સમયગાળા દરમિયાન કુસ્તીમાં અગાઉ વિવિધ કક્ષાએ કુસ્તીની સ્પર્ધામાં ભાગ લઈ ચૂકયા હતા તેવા ઘનશ્યામસિંહનું માર્ગદર્શન મળ્યું.

હર્ષએ લુણાવાડા ખાતેની પી.એન.પંડયા કોલેજમાં પ્રવેશ મેળવ્યો જયાં તેને તેનું સપનું સાકાર કરવાનું જાણે કે માધ્યમ મળ્યું હોય તેમ કોલેજના સ્પોર્ટસ અને એન.સી.સી. વિભાગના વડા ડો. ઈશ્વરભાઈ ડામોરે તાલીમબધ્ધ કરવાનું શરૂ કર્યું જેમાં તેમને ઘનશ્યામસિંહ સહિત સાથી મિત્રો દેવેન્દ્રસિંહ ચૌહાણ, કુલદીપસિંહ રાઠોડ, પ્રતિપાલ સોલંકી તેમજ દક્ષેશભાઈ ભોઈ સાથે સતત પ્રેકટિસ કરવાનો પ્રારંભ કરી દીધો. હર્ષને આ પ્રેકટિસ દરમિયાન તેનું વજન અંતરરાયરૂપ બનતું હતું ત્યારે તેને જિમ ટ્રેનર વિશાલ સોલંકીનો સાથ મળ્યો અને વજન ઘટાડવામાં મદદ કરી જેનાથી તેનું વજન ઘટીને ૮૪ કિલો થયા બાદ તાજેતરમાં નડીઆદ ખાતે ધ એસોસિએશન ફોર ટ્રેડીશનલ યુથ ગેમ્સ એન્ડ સ્પોર્ટસ દ્વારા યોજાયેલ ઓપન નેશનલ ચેમ્પિયનશીપ–૨૦૨૧ યોજાઈ હતી જેમાં હર્ષ પટેલએ કુસ્તીની ૮૬ કિલોગ્રામ કેટેગરીમાં ગોલ્ડ મેડલ મેળવીને મહીસાગર જિલ્લા અને ગુજરાત રાજયનું ગૌરવ વધાર્યું છે.

હર્ષ પટેલને તેની આ સિધ્ધિ બદલ પરિવાર, કોલેજ પરિવાર સહિત નિયમિત રીતે સાથે પ્રેકટીસ કરતા ખેલાડીઓએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવી આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેનું ઉત્કૃષ્ઠ પ્રદશર્ન કરી દેશનું નામ રોશન કરી તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. હર્ષ પટેલની આ સિધ્ધિથી તેની સાથે પ્રેકટીસ કરતાં ખેલાડીઓમાં પણ ઉત્સાહનો સંચાર થવા પામ્યો છે અને તેમાંથી પણ તેઓ પ્રેરણા લેવા પ્રેરાયા છે.

# મહીસાગર જિલ્લામાં મરણ ના દાખલા માટે પણ તંત્ર ની ઘોર બેદરકારી !!!!

મહીસાગર,

મહીસાગર જિલ્લામાં લુણાવાડા તાલુકામાં આવેલ પટ્ટણ ગામ જેમાં આશરે બે હજાર થી પણ વધારે વસ્તી છે અને આ જ ગામ મા છેલ્લા દોઢ મહિના થી જન્મ અને મરણ ના દાખલ કઢાવવા માટે ગ્રામ પંચાયત પર ગ્રામજનો ને ધરમ ના ધક્કા લગાવવા નો વારો આવ્યો છે. જાણવા મળેલ છે કે સરકારે બે મહિના પહેલા તલાટીઓ ની બદલી કરેલ છે અને અહીં પટ્ટણ ગ્રામ પંચાયત પર જીગ્નેશ પટેલ નામના તલાટી એ ચાર્જ સંભાળેલ છે તેઓ ને બદલી ની જગ્યા એ પોતાનો ચાર્જ સંભાળ્યા બાદ જે તે ગ્રામ પંચાયતો નો આઈ ડી અને પાસવર્ડ આપી દેવાતો હોઈ છે પરંતુ અહીં તો તલાટી પાસે ચાર્જ સંભાળ્યા ના બે મહિના પછી પણ આઈ ડી પાસવર્ડના નામે બહાનાબાજી કરવામા આવતી હોય તેવું લાગી રહ્યું છે તલાટી ના કહેવા મુજબ તેમના બીજા બધા જ ઓનલાઈન કામો થાય છે માત્ર જન્મ અને મરણ ના દાખલ જ નીકળતા નથી વારંવાર ના ધક્કા ખાધા બાદ જયારે તાલુકા પ્રમુખ ને આ વાત કરવામાં આવી અને પ્રમુખે આ તલાટી ને જરૂરી સૂચનો કર્યા હશે જેના પરિણામ રૂપે જયારે બીજા બે દિવસ બાદ પંચાયત પર તપાસ કરવા ગયા તો તલાટી એ મૃતક ના પરિવાર ને જણાવેલ કે પ્રમુખ ને કહેવા ગયેલા ને તો જાવ પ્રમુખ પાસે થી જ મરણનો દાખલો લઈ આવો. અને વધુ મા આ માટે તેઓ કહે છે કે તેમને ગાંધીનગર થી એપ્રુવલ મડ્યું નથી, અને તાલુકા તથા જિલ્લા મા આ બાબતે ફરિયાદ કરેલ છે તો આ અનગળ તંત્ર કરે છે શું ? કારણ કે મરણ ના દાખલાની જરૂરિયાત મૃતક ના પરિવાર ને દરેક વીમા પોલિસી, હેલ્થ ઈન્સ્યોરન્સ વગેરે મા હોઈ છે અને એ પણ અમુક સમય મર્યાદા મા જ. સરકાર એક બાજુ જન્મ અને મરણ ના દાખલા ની નોંધણી એકવીસ દિવસની અંદર જ કરાવવા લોકો ને જાગૃત કરવા ઝુમ્બેશ ચલાવે છે એકવીસ દિવસ ની અંદર નોંધણી નં કરાવવા મા આવે તો તાલુકા કક્ષા એ એફિડેવિટ કરાવું પડે છે અને તેના ધક્કા કોણ ખાશે ?? શું આ જ સત્ય છે સરકાર ના ડિજિટલ ઈન્ડિયા મિશન નું ? સરકાર ના ભ્રામક ઝુમ્બેશ સામે બીજી બાજુ જમીની હકીકત જયારે વિપરીત જ જોવા મળે ત્યારે સામાન્ય માણસ આ તાયફાઓ થી કેટલા પ્રભાવિત થશે ???

# આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે વાણિજય ઉત્સવ અંતર્ગત મહીસાગર જિલ્લામાં એક્સપર્ટ કોન્કલેવ-૨૦૨૧ યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

ભારત સરકાર વાણિજય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીના ભાગરૂપે વેપાર અને નિકાસની ભારતની સંભાવનાને પ્રકાશિત કરવા માટે ૨૦–૨૬ સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન દેશભરમાં વાણિજય સપ્તાહ ઉજવણી થઈ રહી છે. જેના અનુસંધાને મહીસાગર જિલ્લાના બાલાસિનોર સેવાલિયા હાઈવે પર આવેલ હોટલ શાંતિ ઈન ખાતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને વિદેશી વેપારના નાયબ મહાનિર્દેશકની કચેરી, વડોદરાના સંયુકત ઉપક્રમે બાલાસિનોર પ્રાંત અધિકારી વિમલ ચૌધરીના અધ્યક્ષ સ્થાને એક્સપર્ટ કોન્કલેવ–૨૦૨૧ યોજાઈ હતી.

આ અવસરે પ્રાંત અધિકારી વિમલ ચૌધરીએ વાણિજય ઉત્સવના ભાગરૂપે વેપાર વધારવામાં મદદ કરવા માટે વિચાર વિમર્શ કરી ખેતી આધારીત મહીસાગર જિલ્લામાં ફૂડ પ્રોસેસીંગ યુનીટ જેવા ઉદ્યોગો નવીન રોજગારીની તકોનું સર્જન કરી જિલ્લાના આર્થિક વિકાસને વેગ આપશે તેમ જણાવી જિલ્લાના ઉદ્યોગ સાહસીકોને અગ્રેસર થવા અપિલ કરી હતી.

આ EXPORT CONCLAVE માં ઉપસ્થિત મહાનુભાવો અને વિશેષજ્ઞો દ્વારા જિલ્લાના ઉદ્યોગોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરી અને જિલ્લામાં નિકાસની ક્ષમતા તેને લગતી યોજનાઓ તેમજ વર્તમાન સરકારની વિવિધ ઔદ્યોગિક સહાયક યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આત્મનિર્ભર ભારત–આત્મનિર્ભર ગુજરાતની ગુજરાત ઔદ્યોગીક નીતિ–૨૦૨૦ અંતર્ગત વિવિધ સહાયકારી યોજનાઓ વિષે માહિતી સાથે અવગત કરાવવામાં આવ્યા હતા. વધુમાં આ કોન્કલેવમાં પરિવર્તનશીલ વૈશ્વિક વાતાવરણ અને મહીસાગર જિલ્લાના ઉદ્યોગસાહસિકો માટેની તકો અંગે સંશોધન સંબંધિત વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા અમલીકરણ કરાતી યોજનાઓ જેવી કે સુક્ષ્મ લઘુ અને મદયમ એકમો માટેની યોજનાઓ તેમજ મદયમ અને મોટા એકમો માટેની તથા અન્ય યોજનાઓ વિષેની વિસ્તુત માહિતી આપવામાં આવી હતી.

તેમજ જિલ્લા રોજગાર અધિકારી પ્રજાપતિ દ્વારા અનુબંધન પોર્ટલ વિશે ઉદ્યોગકારોને માહીતી આપી રજીસ્ટ્રેશન કરી રોજગાર દાતા બનવા અપીલ કરી હતી.

આ એક્સપર્ટ કોન્કલેવ–૨૦૨૧ માં બાલાસિનોર ઈન્ડસ્ટ્રી એસોસીએસનના પ્રમુખશ્ર રીહાનભાઈ, જે.કે. સિમેન્ટના અરૂણ શર્મા, નાબાર્ડ મેનેજર, લીડ બેંક મેનેજર મીનેશ પટેલ, વિશેષજ્ઞ મેઘનાબેન, એકતા ટ્રસ્ટ બાલાસિનોરના રીયાઝભાઈ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના ચેતન જયસ્વાલ સહિત મહાનુભાવોએ ઉપસ્થિત ઉદ્યોગકારોને પ્રેરક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર ડી.બી.પરમારે અને આભાર વિધિ દિપક પટેલે કરી હતી.

# મહીસાગર જિલ્લા કક્ષાની નવરાત્રી (દશેરા) ચિત્રસ્પર્ધા યોજવા અંગે

લુણાવાડા,

માનનીય મુખ્યમંત્રી દ્વારા ૦૧/૧૦/૨૦૨૦ ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારીરિક સશક્ત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઈલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી ‘‘મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ’’ ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના (કોવિડ–૧૯)ની મહામારીના વિષમ સંજોગોમાં ફેસબૂક, વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ તથા વીડીઓ ગેઈમ્સ જેવી પ્રવૃત્તિઓમાં અત્યંત કીમતી સમય વેડફાતા યુવાધનને હકારાત્મક રીતે ક્રિયાશીલ કરવા રમતગમતની પ્રવૃત્તિઓ તરફ આકર્ષિત કરવા એ સમયની તાતી જરૂરિયાત છે. યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકારએ વર્ષ–૨૦૨૦–૨૧ દરમિયાન MOBILE TO SPORTS ની નવી યોજના મંજૂર કરેલ છે. આ યોજનાને ‘‘મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ’’ ફેસબુક પેજ, યુ ટ્યુબ ચેનલ, રેડિયોચીશુ, ચિત્રસ્પર્ધા, ટેલિવિઝન તેમજ સોશિયલ મીડિયા સંબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો/વિડિયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

આ હેતુને સુચારૂ રૂપે પાર પાડવા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગહસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમીની કચેરી તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીઓ દ્વારા સંયુક્ત રીતે ‘‘નવરાત્રી(દશેરા)’’ કાર્યક્રમ અંતર્ગત એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ છે. જેમાં ૮ થી ૧૩ (જન્મ તા.૩૧/૧૨/૨૦૨૧ને ગણવાની રહેશે.) વર્ષના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધકે અ૪ સાઈઝના ડ્રોઈંગ પેપર પર ‘‘નવરાત્રી(દશેરા)’’ વિષય પર પોતાનીકૃતિ તૈયાર કરી તા.૧૮/૧૦/૨૦૨૧બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, રૂમ નં ૨૧૨, ૨ જો માળ, જિલ્લા સેવા સદન, કલેકટર કચેરી,મહીસાગર,લુણાવાડા ખાતે મોકલવાની રહેશે. જેમાં પસંદગી પામેલ વિજેતા કૃતીએ રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ.૨૫,૦૦૦/–, દ્વિતીય વિજેતાને રૂ.૧૫,૦૦૦/– તથા તૃતીય વિજેતાને રૂ.૧૦,૦૦૦/– એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ.૫,૦૦૦/– (પ્રત્યેકને) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે. આ ચિત્ર સ્પર્ધામાં મહીસાગર જિલ્લાના વધુમાં વધુ યુવાઓને જોડાવા માટે જિલ્લા રમતગમત અધિકારી મહીસાગરની અખબારી યાદી જણાવે છે.

# મહીસાગર જિલ્લામાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપના આયોજન બાબત

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમી દ્વારા ભારતની આઝાદીના ૭૫ વર્ષ અંતર્ગત આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અન્વયે રાષ્ટ્રીય એકતા દિવસની થીમ પર ચિલ્ડ્રન પેઈન્ટીંગ વર્કશોપનું તા૨૪/૧૦/૨૦૨૧ થી ૩૧/૧૦/૨૦૨૧ સુધીમાં આયોજન કરવામાં આવેલ છે.

આ વર્કશોપનો હેતુ બાળકો રાષ્ટ્રીય એકતા દિવસ વિષે જાણે તથા બાળકોની ચિત્રકલામાં રૂચી વિકસે અને તેઓને ચિત્રકલાના વિવિધ માધ્યમોની જાણકારી મળે તે હેતુને ધ્યાને લઈને ધોરણ ૬ થી ૧૦ સુધીના ૧૦૦ વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે સમાવેશ કરવામાં આવશે જેની નોંધ લેવી. આ વર્કશોપ દરરોજ બે કલાકનો રહેશે.

આ વર્કશોપની અરજી માટેનું નિયત નમુનાનું અરજી ફોર્મ, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, રૂમ નં.૨૧૨, બીજો માળ,કલેક્ટર કચેરી, લુણાવાડા,જી–મહીસાગરથી મેળવી લેવાનું રહેશે. અરજી સ્વીકારવાની અંતિમ તારીખ.૧૧/૧૦/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધી કચેરીને મોકલવની રહેશે. અરજી ફોર્મ સાથે આધારકાર્ડ અથવા જન્મના દાખલાની ઝેરોક્ષ અચુક જોડવા જિલ્લા રમતગમત અધિકારીશ્રી મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ તાલુકાના પંચાયત કચેરી ખાતે પંડિત દીનદયાળ જયંતિ અને ગાંધી જયંતિના કાર્યક્રમના માર્ગદર્શન અંગે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું.

# મહારાષ્ટ્રમાં કોલસાનો સ્ટોક પૂર્ણતાને આરે : વીજ ઉત્પાદન ઠપ્પ થવાનો ડર



મુંબઈ,

રાજયના જુદા જુદા પાવર સ્ટેશનની વાત કરીએ તો ખાપરખેડા કેન્દ્રમાં અડધા દિવસ માટે કોલસાનો સ્ટોક ઉપલબ્ધ છે. કોરાડીમાં ૨ દિવસનો સ્ટોક ઉપલબ્ધ છે. ચંદ્રપુર અને નાસિકના વીજ મથકોમાં બે દિવસ માટે કોલસો બાકી છે. પારસમાં એક દિવસના એક કવાર્ટર માટે કોલસાનો સ્ટોક બાકી છે. પરલીમાં અઢી દિવસ માટે કોલસાનો સ્ટોક છે અને ભુસાવલમાં માત્ર એક દિવસ બાકી છે. કોલસાની કટોકટીના કારણે મૌડા સ્થિત એનટીપીસી કેન્દ્રનું એકમ અટકી ગયું છે. ખાનગી ક્ષેત્રને પણ અસર થઈ છે. અદાણીના તિરોડા પાવર સ્ટેશન પર ઉત્પાદન ઘટી ગયું છે. રતન ઈન્ડિયાનું એક યુનિટ અને ઝર્ૅન ના બે યુનિટ બંધ કરવા પડ્યા હતા. બીજી બાજુ ગેસ આધારિત ઉરણ પ્લાન્ટનું એક યુનિટ પણ ગેસના અભાવે બંધ છે. ચંદ્રપુરના એકમ ૪, નાસિક ખાતે એકમ ૫ અને ખાપરખેડા સ્થિત એકમ ૧ અને ૨ કોલસાનો સ્ટોક ન મળવાને કારણે બંધ કરવામાં આવ્યા છે. કોરાડીનું એક એકમ કટોકટીના કારણોસર બંધ છે.મહારાષ્ટ્રમાં થર્મલ પાવર સ્ટેશનો માં કોલસાનું ગંભીર સંકટ છે. કોલસાનો સ્ટોક માત્ર એકથી બે દિવસ માટે બાકી છે. તેના કારણે રાજ્યના વીજ મથકો ગંભીર હાલતમાં પહોંચી ગયા છે. રાજયના ચાર એકમોમાં કોલસાની ગેરહાજરીને કારણે ઉત્પાદન અટકી ગયું છે. ૬૬૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા થર્મલ પાવર સ્ટેશનમાં ૬ નંબરનું યુનિટ કોઈપણ સમયે બંધ થઈ શકે છે. જો કોલસાનો સ્ટોક ત્રણ દિવસથી ઓછો હોય, તો તે પાવર સ્ટેશનો માટે ખૂબ જ ગંભીર કટોકટી માનવામાં આવે છે. રાજ્યના તમામ વીજ મથકોની હાલત હાલ આ હદે પહોંચી છે. છેલ્લા ઘણા દિવસોથી અપેક્ષિત ૧૮ રેકને બદલે માત્ર ૧૦ રેક જ પુરી પાડવામાં આવી રહી છે. તમામ કોલસા કંપનીઓને રોજ ૨૫ કોલસાના પુરવઠાની જરૂર પડે છે. પરંતુ હાલમાં, ઘણા દિવસોથી માત્ર ૧૮ રેક સપ્લાય કરવામાં આવી રહી હતી અને હવે તે થવાનું બંધ થઈ ગયું છે. આ કારણે પાવર સ્ટેશનોમાં કોલસાનો સ્ટોક ઘટી ગયો છે. વીજ માગ ૧૮,૦૩૭ મેગાવોટ હતી. આટલી બધી માંગણીઓ પૂરી કરવાનો દાવો મહાવીતરણ કર્યો છે. પરંતુ અધિકારીઓનું કહેવું છે કે ભવિષ્યમાં કોઈપણ સમયે કટોકટી ઉભી થઈ શકે છે. જો આ બાબતે વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક કોઈ પગલાં લેવામાં નહીં આવે તો તાત્કાલિક વીજ કટોકટી ઉભી થશે.

# વિરપુરના બોર પ્રા.શાળામાં ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત પરંપરાગત રમતોનું આયોજન કરવામાં આવ્યુ



વિરપુર,

બોર પ્રાથમિક શાળા બોર, તા.વિરપુર, જિ.મહિસાગર ખાતે ફીટ ઈન્ડિયા મુવમેન અંતર્ગત શાળામાં ધો–૬ થી ૮ના બાળકોને પરંપરાગત રમતોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શાળાના તમામ સ્ટાફે વિભાગોનુ વર્ગીકરણ કરી અલગ અલગ જુથમાં બાળકોને રમતો રમાડવામાં આવી હતી. રમતોમાં અંતે પ્રોત્સાહન રૂપે બાળકોને પેન્સિલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર આયોજન શાળાના આ.સિ. મોહનભાઈ સોલંકી અને જીગ્નેશભાઈ દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# નવેમ્બરથી વિદેશી પ્રવાસીઓ માટે દરવાજા ખોલશે

નવી દિલ્હી,

કોરોનાને કારણે વિશ્વની અર્થવ્યવસ્થા પાટા પર આવી છે તે કોઈથી છુપાયેલું નથી. ઘણી નોકરીઓ બંધ થઈ ગઈ છે અને દેશોનો જીડીપી નીચા સ્તરે પહોંચી ગયો છે. આવી સ્થિતિમાં, જેમની આજીવિકા પ્રવાસીઓની મદદથી ચાલે છે તેમને સૌથી વધુ નુકસાન થયું છે. આવી સ્થિતિમાં અમેરિકા ખાસ કરીને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ન્યૂયોર્ક સહિતના પ્રવાસન વિસ્તારો શોધવા જઈ રહ્યું છે, જેથી અમેરિકાની અર્થવ્યવસ્થાને વેગ મળી શકે.લાંબી રાહ જોયા બાદ અમેરિકા વિદેશી પ્રવાસીઓ માટે તેના દરવાજા ખોલવા જઈ રહ્યું છે. આ માહિતી અમેરિકાના નાણામંત્રીએ આપી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકા નવેમ્બરના પ્રથમ સપ્તાહથી તેના મોટાભાગના એરપોર્ટ પરથી વિદેશી ફલાઈટ્સ શરૂ કરશે. ભલે અમેરિકા વિદેશી પ્રવાસીઓ માટે તેના દરવાજા ખોલવા જઈ રહ્યું હોય. પરંતુ માત્ર તે જ લોકો જેમણે રસીના બંને ડોઝ લીધા છે તેઓ જ અમેરિકા મુસાફરી કરી શકશે. જેઓ રસી લેતા નથી અથવા એક ડોઝ લેતા નથી તેમને યુ.એસ.માં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે કોમ્યુનિટી મેનેજડ ટ્રેનીંગ સેન્ટરનો પ્રારંભ કરાવ્યો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

સાંસદ જસવંતસિંહ ભાભોરે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે કોમ્યુનિટી મેનેજડ ટ્રેનીંગ સેન્ટરનો પ્રારંભ કરાવ્યો છે. આ નવા શરૂ કરવામાં આવેલા સેન્ટર ખાતે સ્વસહાય જુથની મહિલાઓને યોજનાકીય કામગીરી હેઠળ તાલીમ–માગદર્શન કરવાનો ઉદ્દેશ રહ્યો છે. અહીં મહિલાઓને જરૂરી કૌશલ તાલીમ ઉપરાંત રહેવા–જમવા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

સાંસદ જસવંતસિંહ ભાભોરે ટ્રેનીંગ સેન્ટરનો પ્રારંભ કરાવતા કહ્યું કે, સરકાર મહિલા સશક્તિકરણ માટે મક્કમ પગલા ભરી રહી છે ત્યારે આ કોમ્યુનિટી મેનેજડ ટ્રેનીંગ સેન્ટર સ્વસહાય જુથની મહિલાઓના આર્થિક અને સામાજિક વિકાસ માટે મહત્વનું સાબિત થશે. દાહોદ જિલ્લાની મહિલાઓ આગવું કૌશલ્ય ધરાવે છે, આ કૌશલ્યને યોગ્ય દિશા આપી તેનો આર્થિક લાભ મળતો થાય એ પણ મહિલાઓના વિકાસ માટે જરૂરી છે. આ સેન્ટર દ્વારા આ કામગીરી સરસ રીતે નિભાવશે.

આ વેળા વિધાનસભાના મુખ્ય દંડક રમેશભાઈ કટારા, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારી સી.બી. બલાત સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

(પાન નં.૪ નું ચાલુ)

## ગોધરામાં ફાયનાન્સ કંપની....

વસુલેલ હોવાનું અને કર્જદારનુ વાહન જપ્ત કરીને વેચાણ કરયા પછી પણ મોટી રકમ બાકી કાઢીને રીઝર્વબેંકની ગાઈડલાઈનસનો ભંગ કરેલ હોવાનું જણાઈ આવતા અદાલતે ફાયનાનસ કંપની સામે લાલ આંખ કરીને ગોધરાની ફાયનાન્સ કંપનીને રૂપીયા ૫ હજાર દંડ ભરવા અને કર્જદારને રૂપીયા ૧૦ હજાર વળતર ચુકવી આપવાનો મહત્વનો ચુકાદો ગોધરા કોર્ટે બાપેલ છે. વીગતવાર મળેલી માહીતી મુજબ ગોધરાની શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કં. લી. એ કર્જદાર નયનાબેન મુકેશભાઈ બારીયા સામે ગોધરા કોર્ટમાં ચેક રીટર્નના ગુનાની ફરીયાદ કરી હતી. પરંતુ કોર્ટમાં રજુ થયેલા પુરાવાઓથી કોર્ટ સમક્ષ ફરીયાદી ફાયનાન્સ કંપનીએ કર્જદાર પાસેથી તદન ગેરકાયદેસર રીતે દર મહીને ૩–૩ ટકા વધારાનું ચક્રવૃદી વ્યાજ ગેરકાયદેસર રીતે વસુલેલ હોવાનું અને કર્જદારનું વાહન જપ્ત કરીને વેચાણ કરવા પછી પણ મોટી રકમ બાકી કાઢીને રીઝર્વબેંકની ગાઈડલાઈનસનો ભંગ કરેલ હોવાનું અને કાયદેસરની લેણી રકમ કરતા વધારે રકમ ચેકમાં ભરીને કર્જદારના સીક્યોરીટી ચેકનો દુરઉપયોગ કરેલ હોવાનુ કોર્ટના ધ્યાન પર આવતા ગોધરાના ત્રીજા જયુડીસીપલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ જજ તે સંદીપ આઈ. ચૌહાણ એ ફરીયાદી સંસ્થા શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કે. લી. ને વ્યાજ વસુલી માટેના રીઝર્વ બેંકની ગાઈડલાઈનસનો ભંગ કરવા બદલ રૂપીયા ૫૦ દંડ ભરવા અને ફરીયાદીએ કર્જદાર નાનાબેનને રૂપીયા ૧૦ હજાર ખર્ચ પેટે ચુકવી આપવાનો અને આ ચુકાદાની નકલ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની અમદાવાદની શાખાને મોકલવાનો મહત્વનો ચુકાદો આપેલ છે. અદાલતની આ હુકમથી ગેરકાયદેસર વ્યાજ વસુલતા ફાયનાન્સરો પર ચોકકસ નીયંત્રણ આવશે તેમ માની શકાય.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
**પંચમહાલ સમાચાર**

# સંજેલી નગરમાં સ્વચ્છતા અભિયાનના ધજાગરા ઠેરઠેર ગંદકીનું સામ્રાજ્ય

સંજેલી,

સંજેલી મુખ્યમાર્ગ પર સરપંચના ઘર નજીક બસ સ્ટેશનના ગેટ પર જ પંચાયત દ્વારા ડોર ટુ ડોર કલેકશન થતો કચરાનો ડમ્પિંગ કરાતાં રોગચાળો ફાટી નિકળવાની દહેશત સંજેલીની પ્રખ્યાત શાળાએ અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓ અને મંદિરે જતા દર્શનાર્થીઓ અને મુસાફરો માટે ભારે હાલાકી સંજેલી પંચાયતનો ખાડે જતો વહીવટ તાલુકાના અધિકારીઓ પણ પંચાયત સામે યોગ્ય પગલાં લેવામાં નિષ્ફળ.રોગચાળો ફાટી નીકળે તે પહેલા જિલ્લા અધિકારી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી સરપંચના ઘર પાસે નવનિર્મિત પામેલ બસસ્ટેશનના માંડલી રોડ તરફ જવાના મુખ્ય માર્ગ ના પ્રવેશદ્વાર પર જ પર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે સંજેલી પંચાયત દ્વારા ડોર ટુ ડોર કચરો ઉઘરાવી અને તેનો યોગ્ય નિકાલ કરવાને બદલે બસ સ્ટેન્ડ નજીક જ રોડ પર ઠાલવી દેવામાં આવે છે જેથી ગંદકી એ હદે વટી ગઈ છે કે કચરો મુખ્ય રોડ પર વહેતો થયો છે જેને લઈ રાહદારીઓ સહિત મંદિરે પૂજા કરવા જતાં દર્શનાર્થીઓ અને સંજેલીની પ્રખ્યાત ડોક્ટર શિલ્પન હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માં ભારે નારાજગીના દ્રષ્યો જોવા મળે છે તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત સહિત ના નામે તાલુકામાં ઘરે ઘરે શૌચાલય અને કચરાપેટી મૂકી ગામને સ્વચ્છ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ સંજેલી પંચાયત ના સરપંચ અને તલાટીને વારંવાર ગ્રામજનો દ્વારા આ બાબતે રજુઆત કરવા છતાં પણ પોતાની મનમાની ચલાવી રોડ પર જ ડોર ટુ ડોર કલેકશનનો કચરો ઠાલવી સ્વચ્છ ભારત મિશનના ધજાગરા ઉડાવી રહ્યાં છે વિદ્યાર્થીઓ સહિત, શ્રદ્ધાળુઓ અને ગ્રામજનોની માંગ છે રોગચાળો ફાટી નીકળે તે પહેલા ગંદકી વહેલી તકે દૂર કરવામાં આવે તેવી પ્રભળ માંગ ઉઠવા પામી છે જાગૃક નાગરિકોનું કહેવું છે બીમારી ઘર કરે તે પહેલા ગંદકી દૂર કરવામાં આવે કેમકે હાલમાં વાયરલ ઈન્ફેકશન, સહિત સામાન્ય તાવ,શરદી,ખાંસી, જેવા રોગોમાં વધારો જોવા મળી રહ્યો છે ડેન્ગ્યુ જેવી ઘાતક બીમારી ઘર કરે તે પહેલા નગરની ગંદકી દૂર કરવામાં આવે તે અંત્યત જરૂરી છે તેવી જાગૃક નાગરિકોની માંગ છે.

આ બાબતે સંજેલી ના સરપંચ કિરણભાઇ રાવત અને તલાટી ને વારંવાર ફોન કરતા તેઓએ ફોનનો કોઈ જવાબ આપેલ નહીં. અને ફોન રિસીવ કરેલ નહીં.

સંજેલી પંચાયતમાં સ્વચ્છ ભારત સહિતની ગ્રાન્ટો ફાળવવામાં આવી રહી છે પરંતુ સંજેલી નગરમાં હજુ પણ ગામમાં એકપણ સ્વચ્છ ભારતની કચરાપેટીઓ જોવા મળતી નથી માત્ર વહીવટીકર્તાઓ દ્વારા કાગળ પર જ ખરીદી બતાવીને ગ્રાન્ટો પણ ચાઉં કરી દેવામાં આવી રહી હોઈ તેવું ચર્ચાઈ રહ્યું છે.

# સંજેલીમાં કસ્તુરબા વિદ્યાલયના લોકાર્પણ કાર્યક્રમમાં પત્રિકામાં પ્રમુખ અને ચેરમેનના નામની બાદબાકી થતા બે અધિકારીઓની બદલી

સંજેલી,

સંજેલી તાલુકાના કાવડા ના મુવાડા ગામે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય નો લોકાર્પણ કાર્યક્રમ સાંસદ જશવંતસિંહ ભાભોર ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં આમંત્રણ પત્રિકામાં તેમજ વિદ્યાલય પરલોક આગળ ધપતીમાં જિલ્લા પંચાયત પ્રમુખ અને શિક્ષણ સમિતિના ચેરમેનના નામની બાદબાકી થઇ હોવાનું જણાતા તાત્કાલિક અસરથી બેદરકારી બદલ સી.આર.સી.અને બીઆરસી ની પ્રતિ નિયુક્તિ રદ કરી અન્ય સ્થળે બદલી કરી દેવાઈ હોવાનું સત્તાવાર સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

સંજેલી તાલુકાના કાવડા ના મુવાડા ગામે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ૧.૪૦ કરોડના ખર્ચે બનાવવામાં આવી હતી જેનું લોકાર્પણ સાંસદ જશવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય રમેશભાઈ કટારા ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો આ કાર્યક્રમ દાહોદ જિલ્લા પંચાયતના શિક્ષણ શાખા નો કાર્યક્રમ હોવાનું જાણવા મળ્યું હતું જેમાં આમંત્રણ પત્રિકામાં જિલ્લા પંચાયત પ્રમુખ તેમજ જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનના નામોની બાદબાકી થઇ હોવાનું જોવા મળ્યું હતું તેમજ વિદ્યાલયના લોકાર્પણ દરમિયાન તકતીમાં પણ નામો ની બાદબાકી થઈ હોવાનું નજરે જોવા મળ્યું હતું. જેમાં તપાસ દરમિયાન શિક્ષણ સમિતિ દ્વારા સ્થાનિક સી.આર.સી તાલુકાના બીઆરસીનો બેદરકારી બદલ પ્રતિનિયુક્તિ રદ કરી અન્ય સ્થળે બદલી કરી દેવાતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. કાર્યક્રમની રૂપરેખા તૈયાર કર્યા બાદ આમંત્રણ પત્રિકા છપાયા બાદ પણ તેની તપાસ તેમજ તકતીમાં નામોની પણ તપાસ જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા કરવામાં આવી ન હોય? તેવો ગણગણાટ ચર્ચાયો હતો. જેમાં નાના કર્મચારીઓનો ભોગ લેવાયો હતો.

> કેજીબીવી ના લોકાર્પણ કાર્યક્રમમાં પત્રિકા અને તકતી બનાવવાની જવાબદારી ત્યાંના સરપંચને સોંપવામાં આવી હતી. જેમાં આમંત્રણ પત્રિકા અને તકતીમાં જિલ્લા પંચાયત પ્રમુખ અને ચેરમેનના નામની બાદબાકી થઈ હતી જે બાબતે સી.આર.સી.અને બી.આર.સી.ની બેદરકારી બદલ પ્રતિ નિયુક્તિ રદ કરી તાત્કાલિક બદલી કરી દેવામાં આવી છે.
> **મયુર પારેખ (જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દાહોદ)**

# દાહોદ જિલ્લા સેવા સદન ખાતે સાંસદની અદ્યક્ષતામાં દિશા બેઠક યોજાઈ

દાહોદ,

જિલ્લા સેવા સદન ખાતે સાંસદ જસવંતસિંહ ભાભોરની અદ્યક્ષતામાં દિશા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલી કામગીરીની સાંસદએ સમીક્ષા કરી હતી અને નાગરિકો સુધી ઝડપથી યોજનાઓના લાભ પહોંચતા કરવા સૂચન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે નાની નાની બાબતોને કારણે ગરીબો યોજનાઓના લાભથી વંચિત ન રહેવા જોઈએ. યોજનાઓના અમલીકરણમાં આવતી સમસ્યાઓનો સત્વરે નિકાલ કરી ઝડપથી પૂર્ણ કરવી જોઇએ.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ડિસ્ટ્રીકટ ડેવલપમેન્ટ કૉંડિનેશન એન્ડ મોનિટરીંગ કમીટીની બેઠકમાં સાંસદ ભાભોરે કેટલાંક રચનાત્મક સૂચનો પણ કર્યા હતા. તેમણે જિલ્લામાં કુપોષણ નાબુદી અભિયાનમાં ઉદ્યોગપતિઓને બાળકો દત્તક લે અને ઝડપથી જિલ્લો કુપોષણ મુક્ત બને એ માટેના તમામ પ્રયાસો કરવા જણાવ્યું હતું.

તેમણે સ્માર્ટ સીટી અંતર્ગત દાહોદ નગરમાં થઇ રહેલા વિવિધ કામોની પણ સમીક્ષા કરી હતી અને વિવિધ પ્રોજેક્ટોની પ્રગતિની માહિતી મેળવી હતી. જિલ્લામાં આવાસ યોજનાઓ અંતર્ગત થઇ રહેલી કામગીરીની સમીક્ષા કરી તેમણે યોજનાના લાભથી વંચિત હોય તેવા નાગરિકોને સત્વરે યોજનાના લાભ પહોંચતા કરવા જણાવ્યું હતું.

તેમણે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત દાહોદ જિલ્લામાં થઇ રહેલી કામગીરીની માહિતી મેળવી હતી. જિલ્લામાં હાલમાં ૯૨ ટકાથી વધુ લોકોને વેક્સિન આપી દેવામાં આવી છે અને રોજગાર અર્થે સ્થળાંતર કરતા નાગરિકોને પણ સત્વરે વેક્સિન મળી રહે અને જિલ્લામાં કોરોનાની વેક્સિનની કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરવા તેમણે જણાવ્યું હતું.

જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, સર્વશિક્ષા અભિયાન સહિતની યોજનાઓ અંતર્ગત થઇ રહેલી કામગીરીની તેમણે સમીક્ષા કરી હતી. આ ઉપરાંત જિલ્લામાં અત્યારે પોષણમાસની ઉજવણી કરવામાં આવતી હોય આ અંતર્ગત કરવામાં આવી રહેલી વિવિધ પ્રવૃતિઓની તેમણે માહિતી મેળવી હતી. તેમણે આંગણવાડી કેન્દ્રો ખાતે જરૂરી તમામ પાયાની સુવિધાઓ આપવા પર ભાર મૂક્યો હતો.

જિલ્લામાં મધ્યાહન ભોજન અંતર્ગત ફૂડ સિક્યુરીટી એલાઉન્સ અંતર્ગત ૩૪૧૦૩૦ વિદ્યાર્થીઓને ૧૧૭૦૭૪.૭૧ કિવન્ટલ અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રૂ.૫૭,૯૫,૩૮,૨૮૩ કુકિંગ કોસ્ટ તરીકે વિદ્યાર્થીઓના ખાતામાં જમા થવાની બાબત નાયબ કલેકટરએ જણાવી હતી. બેઠકમાં વિધાનસભાના મુખ્ય દંડક તરીકે રમેશભાઇ કટારાની નિમણુંક થતાં તેમનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

દિશા બેઠક બાદ સાંસદ આદર્શ ગામ યોજનાની બેઠક પણ ગામના સરપંચઓ, તલાટીઓ સાથે યોજવામાં આવી હતી. જેમાં ઝાબુ, નાલુ, નાની ખજૂરી, દાદૂર, ડુંગરા ગામોને સાંસદ આદર્શ ગામ યોજના અંતર્ગત વિવિધ યોજનાકીય લાભો આપવા માટેના કામની સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે આ ગામોમાં તમામ પાયાની સુવિધાઓ સહિત યોજનાઓના લાભ ગ્રામજનો સુધી પહોંચતા કરવા જનપ્રતિનિધિઓ અને અધિકારીઓએ યોગ્ય સંકલન કરીને કામ કરવા જણાવ્યું હતું.

દિશા બેઠકમાં પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઇ ખાબડ, ધારાસભ્ય સર્વે શૈલેષભાઇ ભાભોર, વજુભાઇ પણદા, ચંદ્રિકાબેન બારીયા, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, કલેક્ટર ડો.હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર,નિવાસી અધિક કલેકટર એ.બી.પાંડોર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારી સી.બી. બલાત, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ સહિતનાં અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ધાડ લૂંટના ગુનાના છેલ્લા ૧૪ વર્ષથી નાસતા ફરતા મધ્યપ્રદેશના ત્રણ આરોપીઓને લીંમડી પોલીસે પકડી પાડયા

દાહોદ,

લીમડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા લીમડી પોલીસને ભરૂચ જિલ્લાના તાલુકા પોલીસ સ્ટેશનના ધાડ લૂંટના ગુના છેલ્લા ૪ વર્ષથી નાસતા ફરતા મદયપ્રદેશના ત્રણ ખૂંખાર આરોપીઓને લીમડી હાટ બજાર માંથી ઝડપી પાડી પોકેટ કોપમાં સદર ઈસમોના નામ સર્ચ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ભરૂચ તાલુકા પોલીસને આ અંગેની જાણ કર્યા નું જાણવા મળ્યું છે.



પ્રાપ્ત વિગત અનુસાર લીમડી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એલ. ડામોર પોતાના ઉપરી અધિકારીઓના માર્ગદર્શન અને સુચના હેઠળ પોતાના સ્ટાફના હેડ કોન્સ્ટેબલ સહિતની ટીમ સાથે લઈ લીંબડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ભરૂચ જિલ્લાના તાલુકા પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૦૭ના ધાડલૂંટના ગુનામાં નાસતા ફરતા મધ્યપ્રદેશના ૩ ખુખાર આરોપીઓ લીમડી હાટ બજારમાં આવ્યા હોવાની પોતાને બાતમી મળતા જ લીમડી પોલીસની ટીમ બાતમીમાં દર્શાવેલ જગ્યાએ હાટ બજાર મા દોડી ગઈ હતી અને હાટ બજારમાંથી ધાડ લૂંટના ત્રણે આરોપીઓ મધ્યપ્રદેશના ઝાબુઆ જીલ્લા ના મેઘનગર તાલુકાના બાંડી સેરા ગામના ૩૬ વર્ષીય મલ સીંગ ભાઈ વીરસીંગભાઈ મેળા મેડા સાત શેરો ગામ ના ૩૮ વર્ષીય દિનુભાઈ શેતાન ભાઈ મેડા તથા બાંડી શેરો ગામના ૩૭ વર્ષીય બઢીયા ભાઈ કાળા ભાઈ નિનામાંને ઝડપી પાડી ઈગુજકોપ પોકેટ ભજ્ઞા માં સદર ઈસમોના નામ સર્ચ કરી સી.આર.પી.સી. ૪૧(૧–શ) મુજબની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આ અંગેની જાણ ભરૂચ તાલુકા પોલીસને કરી હતી.

# દાહોદ કસ્બા પટડી ચોકમાં IPL મેચ ઉપર સટ્ટો રમાડતા એક ઈસમ ઝડપાયો

દાહોદ,

શાહજામાં રમાતી આઈપીએલ ક્રિકેટ મેચ ઉપર જુગાર રમાડી રહેલા દાહોદ કસ્બા ના એક ઈસમને દાહોદ કસ્બા પટડી ચોકની બાજુમાં આવેલ રાહત મેડિકલ સ્ટોર આગળ ઓટલા ઉપર થી બે મોબાઈલ ફોન આંકડા લખેલ કાગળ તથા બોલપેન મળી રૂપિયા ૫૫૦૦ ના મુદ્દામાલ સાથે રાત્રિના સમયે દાહોદ ટાઉન પોલીસે ઝડપી પાડ્યું જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત અનુસાર શાહજહાં હાલ આઈપીએલ ક્રિકેટ મેચ ચાલતી હોય રાતે બે મેચ નું જીવંત પ્રસારણ આવતું હોય તે મેચ પર દાહોદ કસ્બા પટડી ચોક મા જુગાર રમાતો હોવાની ટાઉન પોલીસને મળેલ બાતમીના આધારે પરમ દિવસ તારીખ ૨૨ ૯ ૨૦૨૧ ના રોજ રાતના સાડા અગિયાર વાગ્યાના સુમારે ટાઉન પોલીસની ટીમે દાહોદ કસ્બા પટડી ચોકમાં ઓચિંતો છાપો મારી પટડી ચોકની બાજુમાં આવેલ રાહત મેડિકલ સ્ટોર ના આગળ સેકસી વીડિયો ઓટલા ઉપર હાલમાં ચાલતી સનરાઈઝ હૈદરાબાદ તથા દિલ્હી કેપિટલ વચ્ચે રમાતી ૨૦ ઓવરની મેચનું ક્રિકેટનો લાઈવ કીકેટ માજા ઈલેવન એપ્લિકેશનમાં લાઈવ ક્રિકેટનો પ્રસારણ ચાલતું હોય જે મેચ ઉપર બીજા એક મોબાઈલ ફોન દ્વારા રન ફેર નો મેચના હારજીતના અલગ–અલગ દાવ લગાડી પૈસાની હાર–જીતની જુગાર રમાડી રહેલા દાહોદ કસ્બા હુસેની ચોક પાસે રહેતા અકીલ અબ્દુલ રહીમ કુરેશીને જુગાર રમાડતા રંગેહાથ પકડી પાડી તેની પાસેથી ક્રિકેટ મેચ ઉપર જુગાર રમાડવા ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ૫૫૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન આંકડા લખેલ કાગળ તથા બોલપેન મળી રૂપિયા ૫,૫૦૦નો મુદ્દા માલ ઝડપી પાડી કબજે લઇ પોલીસે આ સંદર્ભે જુગાર નો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પ્લેટફોર્મ ઉપર ચાલુ ટ્રેનમાંથી ઉતરવા જતાં યુવાન ટ્રેનના પૈડા નીચે આવી જતાં કરૂણ મોત

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ રેલ્વે સ્ટેશન ખાતે એક કરૂણ ઘટના સામે આવી છે જેમાં દાહોદ પ્લેટફોર્મ પરથી પસાર થતી એક ચાલુ ટ્રેનમાંથી ઉતરવા જતાં એક યુવાન પેસેન્જર ટ્રેનના પૈડા નીચે આવી જતાં પસેન્જરનું કમકમાટી ભર્યું મોત નીપજતાં રેલ્વે સ્ટેશન આલમમાં ચકચાર મચી જવા પામી હતી. દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ નંબર ૨ ના ટ્રેક પરથી એક ટ્રેક પસાર થઈ રહી હતી. આ ટ્રેનમાં સવાર એક યુવાન પેસેન્જર ચાલુ ટ્રેને ઉતરવા જતાં તેનો પગ લપસ્યો હતો અને જોતજોતામાં તે ટ્રેનના પૈડા નીચે આવી જતાં તેનું કપાઈ જવાથી કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. રેલ્વે ટ્રેક પર લોહીના ખાબોચીયા ભરાઈ ગયાં હતાં. આ અંગેની જાણ દાહોદ રેલ્વે પોલીસ સહિતના સ્ટાફને થતાં તાબડતોડ ઘટના સ્થળે દોડી ગયાં હતાં. ટ્રેનની નીચે આવી કપાઈ ગયેલા યુવાનના શરીરના ટુકડે ટુકડા થઈ જતાં દાહોદ રેલ્વે સ્ટેશન પર હાજર અન્ય પેસેન્જરોમાં અરેરાટી સાથે ચકચાર મચી જવા પામી હતી. જાણવા મળ્યાં અનુસાર, આ યુવાનના મૃતદેહની પાસેથી તેના આધાર, પુરાવા મળી આવ્યાં હતાં અને જેમાં તેનું નામ ગાલવ શર્મા રહેવાસી રતલામ, મધ્યપ્રદેશ હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર ઘટનાનો વિડીયો રેલ્વે સ્ટેશનના સીસીટીવી ફુટેજમાં પણ કેદ થઈ જવા પામ્યો હતો.

# ઝાલોદ તાલુકાના લીમડી ગામમાં ગ્રામ પંચાયતની બાજુમાં આવેલ વાલ્મિકીવાસમાં સાફસફાઈનો અભાવ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં પંચાયતની બાજુમાં આવેલ વાલ્મિકીવાસમાં આજ દીન સુધીના તો રસ્તાની સફાઇ કે ના તો ગટરની સફાઇ કરવામાં આવી છે. તેથી તાત્કાલિક ધોરણે વાલ્મિકીવાસમાં સાફસફાઇ કરાવમાં આવે નહિ તો આ વિસ્તારમાં ડેન્ગ્યુ જેવી બીમારીનો મોટો રોગચાળો ફાટી નીકળે તેનો ભય સતાવે છે આ બાબતે લીમડી ગ્રામ પંચાયતને લીમડી વાલ્મિકીવાસમાં રહેતા રહેવાસીઓ અને લીમડી ગ્રામ વિકાસ સંઘર્ષ સમિતિના જાગૃત નાગરિકો પ્રવીણભાઈ સોની, મહેશભાઇ પંચાલ, કપિલ સોની, નરેન્દ્ર રાઠોડ, વીરેન્દ્ર રાઠોડ વગેરે દ્વારા જાણ કરવામાં આવી છે અને તેને અગ્રિમતા આપી સફાઈની કામગીરી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# દાહોદના જેકોટ નજીક હાઈવે ઉપર ઓઈલ ભરેલ ટેન્કર પલ્ટી જતાં ફોર વ્હીલ ગાડીઓ વચ્ચે અકસ્માત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના જેકોટ નજીક ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે પર ઓઈલ ભરેલું ટેન્કર પલ્ટી ખાતા પાછળ આવી રહેલી બે ફોર વીલર ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હોવાની પ્રાથમિક તબક્કે જાણકારીઓ મળી રહી છે. ઓઈલ ભરેલું ટેન્કર પલ્ટી ખાતા ટેન્કરમાં ઓઈલ હાઈવે પર ઢોળાતા સુરક્ષાની દ્રષ્ટિએ એક તરફનો હાઈવે બંધ કર્યા હોવાની જાણકારીઓ પ્રાપ્ત થઈ છે.

વધુ મળતી માહિતી પ્રમાણે દાહોદ તાલુકાના જેકોટ ગામે દાહોદ થી ગોધરા તરફ જતો ઓઈલ ભરેલો ટેન્કર પલટી મારતા ટેન્કરમાંથી ઓઈલ હાઈવે પર ઢોળાઈ જવા પામ્યો હતો.જેના પગલે પાછળથી આવતી હ્યુન્ડાઇ વરના ગાડી તેમજ જીપ કંપનીની કંપાસ ગાડી એકબીજા સાથે ટક્કર થતાં વાહન વ્યવહાર ખોરવાયો હતો. જોકે હાઈવે ઉપર ઓઈલ ઢોલાતા થોડાક સમય માટે એક તરફનો હાઈવે બંધ કરવાની ફરજ પડી હતી. જોકે આજરોજ સવારે બનેલા બનાવમાં સદભાગ્યે કોઈ જાનહાનિ બનવા પામી નથી.

# સંજેલીમાં ગુજરાત વિધાનસભાના નવનિયુક્ત દંડક રમેશભાઈ કટારાનો સત્કાર સમારોહ યોજાયો હતો

સંજેલી,

સંજેલીમાં કન્યા વિદ્યાલય ખાતે હાલમાં ગુજરાત વિધાનસભાના દંડક તરીકે ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારાની નિમણુંક કરવામાં આવી હતી ત્યારે સમગ્ર જિલ્લા ભરમાં ગૌરવની લાગણી વ્યાપી જવા પામી હતી. ભાજપાના હોદ્દેદારો, સહિત કાર્યકર્તાઓ ફટાકડા ફોડી જશ્ન મનાવ્યો હતો ત્યારે ફતેપુરા વિધાનભામાં સમાવિષ્ટ સંજેલી ખાતે સંજેલી તાલુકા ભાજપા મંડળ દ્વારા મહાનુભવોની ઉપસ્તીથીમાં સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો જેમા ભાજપના હોદ્દેદારો, ઉર્જા ઉમંગભેર ધારાસભ્ય અને દંડક રમેશભાઈ કટારાનું સ્વાગત કરી સ્નેહને અવિરત પ્રેમ વરસાવ્યો હતો, જિલ્લા સભ્યો, તાલુકા સભ્યો, સરપંચો, ભાજપાના પ્રમુખ, હોદ્દેફારો, કાર્યકર્તાઓએ તેઓનું સાલ,ભોંચરૂ,આદિવાસી વસ્ત્ર કોટી પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

ઉકત બાબતે સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે દાહોદ જિલ્લામાં ભાજપા પાયો નાખનાર તેમજ ઘર–ઘર સુધી વટવૃક્ષની એક શાખાની જેમ ભાજપની ઓળખ ઉભી કરનારા સ્વ, પૂર્વ ધારાસભ્ય ભૂરાભાઈ કટારાના સંસ્મરણો યાદ કર્યા હતા તેમજ તેઓના શાસનમાં જિલ્લા કરેલ વિકાસ કાર્યોની ઝાંખી યાદ કરી હતી સત્કાર સભારંભ પ્રસંગે નવનિયુક્ત દંડક રમેશભાઈ કટારાના પિતાને યાદ કરી ભાવુક થયા હતા.

તેમજ દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઈ અમલિયાર જણાવ્યું હતું કે ભાજપા દરેક કાર્યકર્તાઓની કદર કરીને ગમે તે સમયે સન્માન રૂપે મોટી જવાબદારી આપીને ભાજપના સામાન્ય કાર્યકર્તાઓનું સન્માન કરે છે તેવી રીતે તેમને વધુ ઉમેર્યું હતું ભાજપા દ્વારા દાહોદ જિલ્લામાં અવિરત આદિવાસી વિસ્તારમાં અવિરત પણે વિકાસનો ધોધ વરસ્યો છે શાળા સ્કૂલ, કોલેજો, રોડ રસ્તાઓ, આધુનિક અત્યાધુનિક સુવિધાઓથી સજ્ઞ હોસ્પિટલો, સ્કૂલો તેમજ પ્રાથમિક સુવિધાઓનું માળખું ઉભું કર્યું છે.

નવનિયુકત ગુજરાત વિધાનસભાના દંડક ધારાસભ્ય રમેશભાઈ કટારાએ જણાવ્યું હતું કે પાર્ટીએ મારા પર વિશ્વાસ મૂકીને દંડક જેવી મોટી જવાબદારી સોંપી તે બદલ હાઇકમાન્ડનો આભાર વ્યક્ત કર્યો હતો હું પુરી નિષ્ઠા પૂર્વક મારી જવાબદારી નિભાવિશ તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# ગરબાડા તાલુકા ના નેલશુર ગામની મુખ્ય પ્રાથમિક શાળાનો જર્જરિત ઓરડો ધરાશાયી

ગરબાડા,

ગરબાડા તાલુકા ના નેલસુર ગામ ની મુખ્ય પ્રાથમિક શાળા નો જર્જરિત ઓરડો તારીખ ૨૧ ના સાંજના એકાએક ધરાશાયી થયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી તાલુકામાં કુલ ૧૩૩ જેટલી પ્રાથમિક શાળાઓમાં કુલ ૬૬૧જેટલા ઓરડાઓ આવેલ છે જે પૈકી ૧૮૦ થી વધુ ઓરડાઓ જર્જરિત છે જે હાલ મંજૂરીમાં હોવાનું જાણવા મળી રહ્યું છે. જિલ્લા શિક્ષણ અધિકારીના જણાવ્યા અનુસાર ગરબાડા તાલુકામાં ૧૮૦ તથા સમગ્ર જિલ્લામાં ૪૭૦ ઓરડાઓ હાલ અન્ડર ટેન્ડરિંગની પ્રોસેસમાં છે સરકાર લેવલે થી ગ્રાન્ટ આવશે તે પ્રમાણે ટૂંક સમયમાં કામગીરી શરૂ કરાશે જિલ્લા શિક્ષણ અધિકારી મયુર પારેખ.



Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.29

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## આ તો કેવી લાલિયાવાડી : રજાયતા ગામના તલાટીની અનિયમિતતા અને મનસ્વી વહીવટથી

# મોરવા(હ)તાલુકાના રજાયતા ગામના વિકાસના કામો માટે ગ્રામજનોનો રઝળપાટ

## રજાયતાના તલાટી કમ મંત્રીના અનિયમિતતાના કારણે પંચાયતના કાર્યાલયને લાગ્યા ખંભાતી તાળા






**- રજાયતાના તલાટીની ચાલતી મનમાની અને અનિયમિતતાથી ગ્રામજનોમાં ભારે રોષ.**

**- ગુલ્લેબાજ બની બેઠેલા રજાયતાના તલાટી ઉપર તાલુકા વિકાસ અધિકારીનો અંકુશ નથી..?**

મોરવા(હ), મોરવા(હ)તાલુકાના રજાયતા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ગુલ્લેબાજ તલાટી કમ મંત્રીની અનિયમિતતા તેમજ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવવાનો દિવસ હોવા છતાં સેજા ઉપર હાજર ન રહેતા રજાયતા ગામના ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ ગ્રામ પંચાયત કચેરી ખાતે કામ અર્થે આવેલા અરજદારોને ધરમધકકા ખાવા પડી રહ્યા છે. જેના કારણે રજાયતા ગામના ગ્રામજનોમાં હાલમાં ફરજ બજાવતા તલાટી સામે આક્રોશ જોવા મળી રહ્યો છે અને તેમના અનિયમિતતા અને તેઓની મનસ્વી વહીવટની તપાસ કરી ગુલાટીબાજ અને પોતાની ફરજમાં બેદરકાર કરનાર તલાટી સામે કડક કારવાહી કરવાની ઉગ્ર માંગ રજાયતાના ગ્રામજનોમાં ઉઠવા પામી છે.

ગુજરાત રાજયના આદિવાસી બાહુલ્ય એવા મોરવા(હ)તાલુકાની રજાયતા ગ્રામ પંચાયતમાં સેજાના દિવસે તલાટી ગેરહાજર રહેતા તેઓના કાર્યાલયને ખંભાતી તાળા મારેલા જોવા મળી રહ્યા છે. પંચમહાલ જિલ્લાના આંતરિયાળ વિસ્તારોમાં આવેલ અને મોરવા(હ)તાલુકાને અતિ પછાત ગણાતો વિસ્તાર માણવામાં આવે છે. તાલુકામાં સૌથી વધારે આદિવાસી લોકો વસવાટ કરે છે. મોરવા(હ)તાલુકાના ગામડાઓમાં શિક્ષણ ખુબ જ ઓછા પ્રમાણમાં છે અને તે ઓછા શિક્ષણનો અને અભણ ગરીબ આદિવાસી લોકો હોવાનો ફાયદો કેટલાંક ગ્રામ પંચાયતના કર્મચારીઓ,સત્તાધિશો, ચુંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓ ઉઠાવી લેતા હોય છે. કોરોના મહામારીના કપરા પરિસ્થિતિના બાદ પણ મોરવા(હ)તાલુકાની કેટલીક ગ્રામ પંચાયતોને ખંભાતી તાળા જોવા મળી રહ્યા છે. તાલુકાની મોટાભાગની ગ્રામ પંચાયતોમાં સમય પર અને જે તે ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીનો દિવસ નિમાયો હોય તે દિવસે પણ કેટલાંક બેફામ બનેલા ગુલ્લેબાજ તલાટી કમ મંત્રી તેઓના ગ્રામ પંચાયત કચેરી ખાતે હાજર ન રહેતા ગામડાઓની અભણ ગરીબ પ્રજાને કે અરજદારોને ગ્રામ પંચાયતોમાં લાગેલ ખંભાતી તાળા જોઈ પોતાના કામ માટે રોજેરોજ ધરમધકકા ખાવાની નોબત આવી રહી છે. કેમ કે કોઈપણ સરકારી ઉચ્ચ અધિકારી તાલુકાના આંતરિયાળના અને છેવાડાના ગામોની મુલાકાતે આવતા ન હોવાના કારણે કેટલાંક

**પંચમહાલ જિલ્લામાં કેટલાંક તલાટીઓ સામે વારંવાર તેઓની અનિયમિતતા પોતાની ફરજમાં બેદરકારી તેમજ ગુલ્લેબાજ રહેવાની ફરિયાદો થતી આવી છે તેમ છતાં આજદિન સુધી ફરજમાં બેદરકાર ગુલ્લેબાજ અને પોતાની મનસ્વી વહીવટ કરનાર તલાટી સામે અને પ્રજાના કામોને ટલ્લે ચઢાવતા તલાટી ક.મ.ઓ સામે તંત્ર દ્વારા કાયદેસર પગલા ભરવામાં આવ્યા નથી. સત્તાધારી પક્ષના સભ્યો અને નેતાઓની છત્રછાયાના કારણે બેફામ બનેલ આવા તલાટીઓ સામે જિલ્લાના બાહોશ અધિકારી એવા જિલ્લા વિકાસ અધિકારી મોરવા(હ)તાલુકામાં આવેલ કેટલીક છેવાડાની ગ્રામ પંચાયતોની ઓચિંતી મુલાકાત લે તો ગુલ્લેબાજ તલાટીઓનો રાફડો ફાટ્યો તેમ સામે આવશે તો શુ...?જિલ્લા વિકાસ અધિકારી આંતરિયાળ વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતોની ઓચિંતી મુલાકાત લઈ ગુલ્લેબાજ રહેતા તલાટીઓ સામે લાલ આંખ કરી કાયદેસરની કાર્યવાહી કરશે ખરા..?સરકારશ્રી માંથી મસમોટી પગાર લઈ પોતાના ફરજ પ્રત્યેનુ ભાન ભુલી ફરજ પ્રત્યે બેદરકાર અને પ્રજાના કામ ટલ્લે ચઢાવતા તલાટીઓની તપાસ કરવાની સમયની માંગ બની ગઈ છે. કેમ કે એવા ગુલ્લેબાજ તલાટીઓના અનિયમિતતાના કારણે જિલ્લાના કેટલાંક ગ્રામ્ય વિસ્તારના વિકાસ કામો પર અસર થતી હોવાની ગંભીર નોંધ લેવાની જરૂરી બની ગયુ છે.**

ગુલ્લેબાજ તલાટી પોતાની મનમાની અને મનસ્વી વહીવટ કરી રહ્યા હોવાનો ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યુ છે. તેમજ કેટલાંક તલાટીઓ તેઓના ગ્રામ પંચાયત કચેરી આવી જતા તો હોય છે પરંતુ બપોરના એક વાગ્યા પછી ગ્રામ પંચાયતોના કર્મચારીઓને કામનો બહાનો બતાવી કે તાલુકા પંચાયતમાં કામ અર્થે જવુ પડે તેમ કહી તેઓના કાર્યાલયને ખંભાતી તાળાઓ મારી રફુચકકર થતાં હોવાનુ ગ્રામજનો જણાવી રહ્યા છે. મોરવા(હ)તાલુકાના રજાયતા ગ્રામ પંચાયતના તલાટી કમ મ.ના અનિયમિતતા અને ગુલ્લેબાજ બાબતે જયારે ગ્રામજનોને પુછતા તેમને જણાવ્યુ હતુ કે, અમારા ગામની અંદર તલાટી સાહેબ મનમા આવે ત્યારે અઠવાડિયાના એકાદ દિવસ આવતા હોય છે અને મનમા આવે ત્યારે બહાના બતાવી બપોરના સમયે ગ્રામ પંચાયતમાંથી રફુચકકર થતાં હોય છે જેના કારણે અમોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. અમારે ગ્રામ પંચાયતમાંથી કોઈ દાખલો કે તલાટી ક.મ.શ્રીનો કોઈ કામ હોય ત્યારે અમારે તે સમયે ખુબ જ મુસીબતનો સામનો કરવો પડે છે. અને તેમાં તલાટી ક.મ.ના અનિયમિતતા તેઓની મનસ્વી વહીવટ તેમજ તેઓની ગુલ્લેબાજીના કારણે અમારા બીજા કામો અટકી જતા હોય છે.

પંચમહાલ જિલ્લામાં આવેલ મોરવા(હ)તાલુકાના કેટલાંક ગામડાઓમાં આદિવાસીઓનુ બાહુલ્ય છે. ગામડાઓમાં વસતા આદિવાસી લોકોમાં ગરીબી અને શિક્ષણની કમતરતા હોય છે તેનો લાભ ગામમાં બની બેઠેલા અંગુઠાછાપ નેતાઓ અને તેઓના છત્રછાયામાં ગુલાટીબાજ તલાટી તેમજ તેમના કર્મચારીઓ લેતા હોય છે. અને તેવી ગ્રામપંચાયતના સત્તાધિશોની નેતાગીરીની છત્રછાયામાં તે ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી ગરીબ અને અભણ ગ્રામજનોના કામોને અલગ અલગ બહાના બતાવી ટલ્લે ચઢાવતા હોવાનુ સામે આવી રહ્યુ છે. મોરવા(હ)તાલુકામાં આવેલ રજાયતા ગામ જે તાલુકાના છેવાડાના આંતરિયાળ વિસ્તારમાં આવેલ છે તે ગામના લોકો ખેતીકામ, પશુપાલન, તેમજ રોજગારી કરી પોતાના પરિવારનુ ગુજરાન ચલાવે છે. અને તે લોકોને કામ અર્થે કે અરજીઓને લઈ ગ્રામ પંચાયત કચેરી ખાતે વારંવાર જવાનો પડતુ હોય છે. રજાયતા ગામ ડુંગરાળ અને આંતરિયાળ વિસ્તારમાં વસેલુ છે જેના કારણે ત્યાંના લોકોને કામ અર્થે ગ્રામ પંચાયત કચેરી જવાનુ હોય તો ત્રણ થી ચાર કિ.મી.ચાલીને જવુ પડે છે.પરંતુ રજાયતના લોકો જે કામ લઈને ગ્રામ પંચાયત કચેરી જતા હોય ત્યારે ગ્રામ પંચાયત કચેરીમાં આવેલ તલાટી ક.મ.ના કાર્યાલયને ખંભાતી તાળા જોવા મળે છે અને પોતાનુ કામ પુરૂ કરવા માટે તે લોકોને સવારથી સાંજ સુધી તલાટી મહાશયની રાહ જોવી પડે છે. પરંતુ નેતાઓના છત્રછાયામાં ગુલ્લેબાજ બની બેઠેલા અને પોતાની ફરજમાં બેફામ મનસ્વી વહીવટ કરવામાં માહિર બનેલા તલાટી ક.મ.પોતાની સેજાની ગ્રામ પંચાયત કચેરી ખાતે હાજર રહેતા ન હોવાનુ સામે આવ્યુ છે ત્યારે ગુલ્લેબાજ તલાટી સામે રજાયતના ગ્રામજનો તેઓના ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસ કામોમાં પણ આ તલાટીએ ભારે ગેરરિતી આચરી હોવાના ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. અને રજાયતા ગ્રામ પંચાયત વિસ્તારમાં કરવામાં આવેલ વિકાસ કામોની અને તેમાં થયેલ ગેરરિતીની સ્થળ તપાસ કરવાની માંગ કરી રહ્યા છે. રજાયતા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા ગુલ્લેબાજ તલાટીની અનિયમિતતા અને તેઓની મનસ્વી વહીવટથી ગ્રામજનોની કરમની કઠનાઈ જોવા મળી રહી છે. અને આ તલાટીના કાર્યકાળમાં ગામમાં કરેલ અનેક કામોની તપાસ કરવાની માંગ ગ્રામજનો દ્વારા ઉઠી રહી છે.

મોરવા(હ)તાલુકામાં રજાયતા ગ્રામ પંચાયતમના કચેરી ખાતે સેજા ઉપર હાજર રહેવાના દિવસે તલાટી કાર્યાલયને લાગેલ ખંભાતી તાળા જોઈ લેતા તેમજ આ ગુલ્લેબાજ તલાટીની મનસ્વી વહીવટથી ત્રાહિમામ પોકારી રહેલ રજાયતાના ગ્રામજનોમાં તલાટી પ્રત્યે ભભકેલો આક્રોશ જોઈ લેતા લાગી રહ્યુ છે કે મોરવા(હ) તાલુકાના અધિકારીઓના રહેમ નજર હેઠળ આ તલાટીને છુટો દોર મળી ગયો હોય તેવુ લાગી રહ્યુ છે. કે પછી..તાલુકા પંચાયતના અધિકારીઓ આવા ગુલાટીબાજ અનિયમિત તલાટીને છાવરતા હોય તેવુ સ્પષ્ટ ચિત્ર જોવા મળી રહ્યુ છે. કે પછી..બાહોશ એવા તાલુકા વિકાસ અધિકારીનો આ ગુલ્લેબાજ તલાટી પર અંકુશ રહ્યો નથી..?હવે જોવાનુ એ રહેશે કે મોરવા(હ)તાલુકાની આદિવાસી વિસ્તારની છેવાડાની અને આંતરિયાળ વિસ્તારમાં આવેલ રજાયતા ગ્રામ પંચાયતમાં હાલમાં ફરજ બજાવતા ગુલ્લેબાજ તલાટી પર જિલ્લા તંત્ર દ્વારા લગામ લગાવવામાં આવશે ખરા..?કે પછી..અપના કામ બનતા..ભાડ માં જાય જનતા..જેવી ભુમિકા અદા કરશે.

## શહેરા નાંદરવા PHCમાં ડોકટરના અભાવે દર્દીઓને હાલાકી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરાના નાંદરવા ગામ ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આઠ ગામ ના ગ્રામજનો માટે આશીર્વાદ સમાન હોવા છતાં અહી ડોકટર નહી હોવાથી અહી આવતા દર્દીઓને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. હાલની પરિસ્થિતમા અહી દર્દીઓની સંખ્યા વધુ રહેતી હોવા છતાં અહીં માત્ર દવા ગોળી આપવામાં આવતા અમુક દર્દીઓનો આક્રોશ આરોગ્ય વિભાગ સામે જોવાઈ રહયો હતો. કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા વચ્ચે તાવ, શરદી, ખાંસી જેવી બીમારીઓ એ માથું ઉચક્યું હોય ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આ બાબતે જે ગંભીરતાથી લેવામાં આવી જોઈએ તે લેવામાં નહી આવતુ હોવાનું આ ઉત્તમ ઉદાહરણ કહીએ તો નવાઈ નહી.

શહેરા તાલુકાના નાંદરવા ગામ ખાતે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્થાનિક ગામ સહિત ગાંગડીયા, છોગાળા, સગરાડા, ખટકપુર તેમજ આજુબાજુના ગામના ગ્રામજનો માટે આશીર્વાદ સમાન છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે હાલમાં તાવ, શરદી, ખાંસી તેમજ અન્ય બીમારી થી પીડાતા દર્દીઓ અહીં મોટી સંખ્યામા સારવાર અર્થે આવતા હોવા સાથે વેક્સિનેશનની કામગીરી પણ અહીં ચાલી રહી છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ડોક્ટર નીલુબેન પટેલને એક માસ પહેલા અકસ્માત થતા તેઓ રજા પર ઉતરી ગયા હતા.અહી દર્દીઓ અનેક આશા સાથે સારવાર અર્થે આવતો હોય પણ ડોકટર જ નહી હોવાથી ફાર્મસિસ્ટ દ્વારા માત્ર દવા ગોળી આપવામાં આવતી હોય છે. જ્યારે અમુક દર્દીઓ ઈન્જેક્શન અને બોટલ ચઢાવાની વાત કરે તો અહી ડોક્ટર નહી હોવાનું સ્ટાફ પાસે માત્ર આજ જવાબ દર્દીઓને મળતો હોય છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે શુક્રવારના રોજ આયુષ ડોકટરની પોસ્ટ હોવા છતાં તેમની ખુરશી ખાલી ખમ અહીં આવતા દર્દીઓને જોવા મળતા આ સામે દર્દીઓ નારાજગી જોવા મળી રહી હતી. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ડોકટર નહીં હોવાથી અમુક દર્દીઓને રૂપિયા ખર્ચીને પણ ખાનગી દવાખાનામાં સારવાર લેવાની નોબત આવી રહી હતી. જ્યારે ગરીબ દર્દીઓ તાલુકા મથક ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે જવુ પડતુ હોવાનું સ્થળ પરથી જાણવા મળેલ હતુ. જે રીતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તાવ,શરદી સહિત અન્ય દર્દીઓની સંખ્યા વધુ રહેતી હોય ત્યારે જ્યાં સુધી મેડિકલ ડોક્ટર નીલુ પટેલ રજા પર છે ત્યાં સુધી અહીં બીજા મેડિકલ ડોક્ટર ની તાત્કાલિક નિમણુક કરવામા આવે તે પણ જરૂરી છે. એક તરફ વેક્સિનેશનની કામગીરી બીજી તરફ બીમાર દર્દીઓની સંખ્યા વધુ અહી ડોક્ટર નથી તો દર્દીઓને સારવાર કેવી મળતી હશે તે પણ એક વિચારવા જેવો પ્રશ્ન હાલ ચર્ચાનો મુદ્દો લોકો મા બની ગયો હતો. કોરોનાની ત્રીજી લહેર આવવાની શક્યતા વચ્ચે તાવ, શરદી, ખાંસી જેવી બીમારીઓ એ માથું ઉચક્યું હોય ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આ બાબતે જે ગંભીરતાથી લેવામાં આવી જોઈએ તે લેવામાં નહી આવતી હોવાનું આ ઉત્તમ ઉદાહરણ કહીએ તો નવાઈ નહી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફાર્મસિસ્ટ સહિત અન્ય સ્ટાફ હાલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા ફરજ બજાવી રહ્યો હોય ત્યારે જિલ્લા આરોગ્ય અધિકારી પોતાની ઓફિસમાં ઠંડી હવા ખાવા ની જગ્યાએ ઓચિંતી અહીંની મુલાકાત લઈને દર્દીઓના હિત માટે યોગ્ય કાર્યવાહી હાથધરે તે પણ જરૂરી છે.

## પોલીસના નામે રોફ જમાવનારા નકલી પત્રકારો ને લોકો એ પકડી સબક શીખવાડી પોલીસ ના હવાલે કર્યા



ગોધરા, ઘોઘંબા તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી તાલુકા બહારના કેટલાક ઈસમો ગામડે–ગામડે અને તાલુકાની સરકારી કચેરીઓમાં ફરી પહેલા પોલીસ તરીકે અને ભાંડો ફૂટી જાય તો પછી પત્રકાર હોવાની ધમકી આપી નાણાં પડાવવાનો ધંધો પૂરબહારમાં ખીલ્યો છે જેમાં કેટલાક ઈસમો ગાંધીનગરથી આવીએ છીએ તેમ કરી લોકોને ડરાવતા હતા જેમાં થોડા દિવસ અગાઉ કેટલાક લોકો ભ્રષ્ટાચાર બાબતે એક અધિકારી પાસે ૨૫ લાખની માંગણી કરતા અધિકારી બેહોશ થઈ ગયા હતા તેમને તાત્કાલિક સારવાર આપતાં તેમનો જીવ બચ્યો હતો ત્યારથી ઘોઘંબા તાલુકાના રહીશો આવા તત્વો ની શોધમાં હતા તેવામાં આજરોજ એક પ્રતિષ્ઠિત વેપારીના અંગત ફોટો ગ્રુપમાં વાયરલ થયા હતા જેના અનુસંધાને કેટલાક ઈસમો વેપારીને સિક્રેટ પોલીસના માણસો હોવાનું જણાવી સર્કિટ હાઉસ પર મળવા માટે બોલાવ્યા હતા આ બાબતની જાણ ઘોઘંબાના યુવાનોને થતાં ગ્રામજનો સર્કિટ હાઉસ પહોંચી નકલી પોલીસ હોવાની ખાત્રી કર્યા બાદ તેમને સબક શીખવાડી પોલીસને સોંપ્યા હતા. દિવસે આ કહેવાતા નકલખોરો ગામડાઓમાં જઈ એલસીબીના અધિકારી હોવાનો રોફ જમાવી તોડ–પાણી કરતા હોવાની અને ત્યારબાદ વેપારી નો ફોટો જોતા મોટો તોડ કરવાની આશા એ વેપારીને બોલાવતા પાપનો ઘડો ફૂટયો હતો તેવી ચર્ચા એ જોર પકડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે બહારથી આવેલા આ ઈસમો પાસે આ ફોટો ક્યાંથી આવ્યા ઘોઘંબામાં તેમના સાગરીતો કોણ છે તેની તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે અને રાજગઢ પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

## સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ના વિદ્યાર્થી ઓ NSS ની રાજ્યકક્ષા ની સ્પર્ધામાં વિજેતા બન્યા



ગોધરા, સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ના ત્રણ વિદ્યાર્થીઓ મિકેનિકલ વિભાગના વેદાંત ચાવડા અને EC વિભાગના વિદ્યાર્થી વિકાસ યાદવ સેવા યોજના દિવસ ૨૦૨૧ ની ઉજવણી અંતર્ગત NSS યુનિટ GTU ની ટીમમાં પસંદગી પામ્યા હતા. જેમણે રાજયકક્ષા ની સ્પર્ધા અંતર્ગત કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભુજ ખાતે GTU-NSS યુનિટ અને સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા નુ પ્રતિનિધિત્વ કર્યું હતુ. આ પૈકી ચાવડા વેદાંત દિપક કુમાર ને વકતૃત્વ સ્પર્ધા મા દ્વિતીય ક્રમ અને યાદવ વિકાસ જયપ્રકાશ ને ફોટોગ્રાફી પ્રદર્શન સ્પર્ધા મા તૃતીય ક્રમ પ્રાપ્ત થયો છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે આ રાજ્ય કક્ષા ની સ્પર્ધા મા સમગ્ર NSS- GTU ટીમ ને કુલ ૭ ઈનામ મળ્યા હતા, જેમાં સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના વિદ્યાર્થીઓને ૨ ઈનામ મળ્યા હતા. આ વિદ્યાર્થી ઓ ને તેમની સિદ્ધિ બદલ આચાર્ય પ્રો.એ.કે. પટેલ, NSS કોર્ડિનેટર પ્રો એન જે પરમાર, પ્રો હાર્દિક શુક્લ, પ્રો આર કે સોની–HOD EC, પ્રો અનંત શેઠ-HOD મિકેનિકલ, પ્રો.એમ.કે. પટેલ, પ્રો. દીક્ષિત પાઠક, સીતાબેન અને સમગ્ર NSS યુનિટ, અને અધ્યાપકો સ.ઈ.કો. ગોધરાએ વિશેષ અભિનંદન આપ્યા હતા. પ્રો.એન.જે. પરમાર અને પ્રો.હાર્દિક શુકલએ જણાવ્યું હતુ કે સંસ્થામા આચાર્ય પ્રો.એ.કે. પટેલ સાહેબના વિશેષ સહકારથી વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રોમા આગવી તકો મળતી રહે છે. વેદાંત ચાવડા એ ભુજ થી જણાવ્યું હતુ કે આ પ્રકારની સિદ્ધિ થી મારી કોલેજ સ.ઈ.કો., ગધરા, અમારી યુનિવર્સીટી GTU અને સમગ્ર પંચમહાલ પંથકમા વિદ્યાર્થીઓને NSS અંતર્ગત પ્રવૃત્તિની પ્રેરણા મળશે. તેણે પણ સતત સંકલન અને માર્ગદર્શન માટે સંસ્થા નો આભાર માન્યો છે.

## ચેક રીટર્ન થવાના કેસમાં ફરિયાદીને વળતર ચૂકવી આપવા ગોધરા કોર્ટનો ચુકાદો

ગોધરા, ગોધરામાં ફાયનાન્સ કંપનીને વ્યાજ વસુલીમાં રીઝર્વ બેંકના નીયમોનો ભંગ કરતા ચેક રીટર્ન થવાના કેસમાં ફરીયાદી ને રૂપીયા ૫૦૦૦/– દંડ અને આરોપીને રૂપીયા ૧૦૦૦૦ વળતર પેટે ચુકવી આપવા ગોધરા કોર્ટનો મહત્વનો ચુકાદો.

રોજબરોજના ધંધામાં મોટા ભાગના હાયનાન્સરો કર્જદારો પાસેથી સીક્યોરીટી પેટે કોરા ચેક લોન આપતા સમયે લઈ લેતા હોય છે. પણીવાર આ સીક્યોરીટી પેટે લીધેલા કોરા ચેકોમાં મનફાવે તેવી મોટી ગેરકાયદેસ રકમો ભરીને કર્જદારીને હેરાન કરીને કાયદાનો દુરઉપયોગ કરવામાં આવતો હોવાનું પણ બનતુ હોય છે. તેના કારણે આવા વ્યાજખોર ફાયનાન્સરો કર્જદારોને હેરાન ન કરી શકે તે માટે ભારતની રીઝર્વ બેંક દ્વારા વ્યાજ વસુલી માટેના નીયમો અને કાયદા બનાવવામાં આવેલા છે. ગોધરા કોર્ટમાં ચાલી ગયેલ એક ચેક રીટર્ન કેસમાં રજુ થયેલ પુરવા થી ફરીયાદી ફાયનાન્સ કંપનીએ કર્જદાર પાસેથી તદન ગેરકાયદેસર રીતે ચક્રવૃદી વ્યાજ

(અનુ.પાના.નં.૨)